Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૫ મુ. સંવત ૨૦૦૪.

આત્મ સં. ૫૩

અંક ૧૨ મો ઑગસ્ટ : આષાઢ

વાર્ષિક લવાજમ રૂા. ૩-૧-૦ પોસ્ટેજ સહિત.

પ્રકાશક:-

શ્રી જૈન આત્માનંદ સભા,

ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા.


| | | | |
|---|---|---|---|
| ૧ | શ્રી મુનિસુવ્રત જિન સ્તવન ... ... | ( મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ ) | ૨૨૫ |
| ૨ | જીવતાં શીખો ... ... ... ... | ( આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ ) | ૨૨૬ |
| ૩ | ન્યાય રત્નાવલી... ... ... ... | ( મુનિશ્રી ધુરંધરવિજયજી મહારાજ ) | ૨૩૨ |
| ૪ | અનેકાન્તની અંદર સપ્તભંગી ... ... ... ... | ( સન્માર્ગ ઇચ્છક ) | ૨૩૪ |
| ૫ | શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન ... ... | ( ડો. વલ્લભદાસ નેણસીભાઇ—મોરબી ) | ૨૩૬ |
| ૬ | ઉદારતા ... ... ... ... ... ... | ( અનુ—અભ્યાસી ) | ૨૩૮ |
| ૭ | વર્તમાન સમાચાર ... ... ... ... ... ... | ( સભા ) | ૨૪૧ |
| ૮ | વાર્ષિક અનુક્રમણિકા ... ... ... ... ... ... | ( સભા ) | છેવટે |



શ્રી આત્માનંદ પ્રકાશના ગ્રાહકોને ભેટ

## "કાવ્ય સુધાકર ગ્રંથ"

### ( કાવ્ય સાહિત્યનો અપૂર્વ ગ્રંથ )

શ્રી આત્માનંદ પ્રકાશના સુજ્ઞ ગ્રાહકોને ઉપરોક્ત **"કાવ્ય સુધાકર"** ગ્રંથ કે જેના રચયિતા સદ્દગત આચાર્યશ્રી **અજિતસાગરસૂરિ** મહારાજ છે. જેમણે સંસ્કૃત, પ્રાકૃત, ગુજરાતી ભાષામાં ચરિત્રો, કાવ્યો, નિબંધો ઘણા લખેલા જેના પ્રકાશનો પણ થયેલા છે. તેઓશ્રી સારા કવિ, લેખક, વ્યાખ્યાનકાર અને વક્તા હતા. શ્રીમાન્ બુદ્ધિસાગરસૂરિ મહારાજના પટ્ટધર વિદ્વાન શિષ્ય હતા. તેમની દરેક કૃતિ જૈન, જૈનેતર વિદ્વાનોમાં પ્રશંસા પામેલી છે. તેમની જ કૃતિ આ કાવ્ય સુધાકર ગ્રંથ જેમાં ભિન્ન ભિન્ન પ્રસંગોને લઇને બનાવેલા છે. આ ગ્રંથના કાવ્યોમાં હૃદયગત ભાવો, કવિનો વાણીવિલાસ અને કાવ્યનું સ્વરૂપ તે ત્રણે યથાસ્થિત સ્વરૂપરૂપે વર્ણવેલા છે. કાવ્યમાં સમાયેલ ભાવ, રસ, વર્ણન અને રચયિતા આચાર્યશ્રીની કાવ્ય કરવાની શક્તિ रसात्मकं वाक्यं काव्यम् એમ આધુનિક કવિઓનું મંતવ્ય આ ગ્રંથમાં દેખાઈ આવે છે. મહાન્ યોગીશ્વર આનંદઘનજી મહારાજની પદ્યાવલીનો ગૂર્જર અનુવાદ પણ કાવ્યરૂપે આ ગ્રંથમાં આપવામાં આવ્યો છે. વિશેષ પ્રશંસા નહિં કરતા પરિક્ષા કરવાનું કાય વાંચકોને સોંપીયે છીયે.

ક્રાઉન સોલ પેજી ૩૨ ફોર્મ ૫૦૦ પાનાનો કપડાના પાકા બાઇડીંગનો આ ગ્રંથ આ વખતે આત્માનંદ પ્રકાશનાં ગ્રાહકોને બે વર્ષની ભેટ તરીકે ચાલતા ધોરણ પ્રમાણે આપવાનો છે.

શ્રી આત્માનંદ પ્રકાશ પુ. ૪૫ તથા પુ. ૪૬ નાં લવાજમના રૂ. ૬-૦-૦ તથા વી. પી. પોસ્ટેજનાં ૦-૧૦-૦ મળી ભેટની બુક વી. પી. રૂ. ૬-૧૦-૦ નું ગ્રાહક મહાશયોને કરવામાં આવશે, તે સ્વીકારી લેવા કૃપા કરશો. જેથી તે પાછું વાળી જ્ઞાનખાતાને નુકશાન ન કરવા નમ્ર સૂચના છે. વી. પી. તા. ૧-૪-૪૮ થી મોકલવામાં આવશે.


તંત્રી :—**શ્રી આત્માનંદ પ્રકાશ**

**નોટ :—** આ ગ્રંથ સભાનાં લાઈફ મેમ્બરોને અગાઉ ભેટ આપેલ છે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ સભાના નવા થયેલાં માનવંતા પેટ્રન—



શેઠશ્રી કેશવલાલભાઇ વજેચંદ—ખંભાત.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શેઠશ્રી કેશવલાલભાઈ વજેચંદનો જીવનપરિચય.

રમણીય ગુજરાતમાં વ્યાપાર, ઉદ્યોગ અને સુંદર મુખ્ય બંદર તરીકે ખંભાત એક વખત સુવિખ્યાત શહેર હતું. શ્રીપુરૂષાદાનીય શ્રીપાર્શ્વનાથ પ્રભુના પ્રાસાદ, પ્રાચીન જૈન જ્ઞાનભંડાર, જૈન દંડનાયકો, વિદ્વાન મુનિપુંગવો અને શ્રીમાન્ જૈન શ્રદ્ધાળુ કુટુંબોવડે જૈનપુરી ગણાતું આવ્યું છે. આ શહેરમાં શેઠ વજેચંદભાઇ મૂલચંદને ત્યાં શેઠશ્રી કેશવલાલભાઇનો સંવત ૧૯૬૪નાં પોષ સુદી ૧૩ના રોજ જન્મ થયો હતો. સામાન્ય સ્થિતિમાંથી પુણ્યયોગ, વ્યાપારનિષ્ણાતપણાએ કરી કાપડના વ્યાપારમાં સારી લક્ષ્મી ઉપાર્જન કરી. મ્હોટા પુત્ર કાન્તિલાલભાઈની વેપારી કુનેહને લઈ વ્યાપાર અને આર્થિક લાઈન દિવસે દિવસે વધતી ચાલી તેમ તેમ દેવ, ગુરુ, ધર્મની આરાધના વિશેષ વધતાં સુકૃતની લક્ષ્મીનો વ્યય આત્મકલ્યાણ માટે વિશેષ-વિશેષ થવા લાગ્યો.

સંવત ૧૯૯૩ની સાલમાં શ્રીશત્રુંજય તીર્થે સંઘ લઇ જવાની આચાર્ય શ્રી વિજયલબ્ધિસૂરિ પાસે પ્રતિજ્ઞા લીધેલી, સં. ૨૦૦૦ની સાલમાં આચાર્ય મહારાજના ચાતુર્માસ પછી ઉપધાન તપ વહન કરાવવા અને તેના ઉદ્યાપન પછી સં. ૨૦૦૧ના ચૈત્ર સુદી ૩ના રોજ આચાર્ય શ્રીવિજયલબ્ધિસૂરિ મહારાજ શિષ્યપરિવાર, ૪૦ સાધુઓ, ૪૫ સાધ્વીઓ, ૧૩૦૦ શ્રાવક, શ્રાવિકા સહિત છ'રી' પાળતો સંઘ શ્રીશત્રુંજયનો કાઢી બીજા ચૈત્ર સુદી ૪ના રોજ આ પવિત્ર તીર્થ ઉપર સજોડે ઇંદ્રમાળ પહેરી આત્મકલ્યાણ સાધ્યું હતું. ગુપ્તદાન અને અન્ય ધાર્મિક ખાતાઓમાં સખાવતો કર્યે જાય છે. સ્વભાવે સરળ, સાદાઇપણું અને નિરભિમાનતા વરેલ છે; તેમજ જિનપૂજા, નિરંતર આવશ્યક ક્રિયાઓ તેમનો વ્યવસાય છે.

આવા ધાર્મિક પુરુષ આ સભાના માનવંતા પેટ્રન થયા છે તે આનંદનો વિષય છે. તેઓશ્રી દીર્ઘાયુ થઈ આર્થિક, આધ્યાત્મિક, શારીરિક સંપત્તિ વિશેષ મેળવે તેવી પરમાત્મા પ્રત્યે પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ.

... પ્રકાશક:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર ...

વીર સં. ૨૪૭૪. | અષાઢ | પુસ્તક ૪૫ મું.

વિક્રમ સં. ૨૦૦૪. | :: તા. ૧ લી ઓગસ્ટ ૧૯૪૮ :: | અંક ૧૨ મો


## શ્રી મુનિસુવ્રત જિન સ્તવન.

( મિલકે બિછડ ગઇ અખિયાં... )

દર્શન પ્યાસી લોચનીયાં,
પ્રભુકેરા, દર્શનનાં પ્યાસી લોચનીયાં..,દર્શન. ટેક.
મુનિસુવ્રતસ્વામી અગમ અગોચર,
વીતરાગ દેવ અવિનાશી;
અંતરના દ્વારો ઉઘડીયાં......દ્વારો ઉઘડીયાં,
પ્રભુકેરા, દર્શનનાં પ્યાસી લોચનીયાં...દર્શન. ૧
મૂર્તિ મનોહારી નિરખી તારી,
જાગ્યાં સદ્ભાગ્ય સુખકારી,
ઉર પદ્મદલ સૌ વિકસિયાં......દલ સૌ વિકસિયાં,
પ્રભુકેરા, દર્શનનાં પ્યાસી લોચનીયાં...દર્શન. ૨
અર્પિત ધામદાતા જિનના ચરણમાં,
દેવેન્દ્ર સર્વે સમર્પે;
હેમેન્દ્ર ઉર-નૈન હસીયાં......ઉર-નૈન હસીયાં,
પ્રભુકેરા, દર્શનનાં પ્યાસી લોચનીયાં...દર્શન. ૩

મુનિમહારાજ શ્રીહેમેન્દ્રસાગરજી—મહેસાણા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# 'જીવતાં શીખો'

લેખક:–આચાર્યશ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.

જીવવું બધાયને ગમે છે પણ જીવતાં શિખવું કોઇકને જ ગમે છે. દેખાદેખીથી જીવનારા દુનિયામાં ઘણા છે પણ સમજીને જીવનાર તો વિરલા જ છે. માનવી મરવું પસંદ કરતા નથી પણ જીવવું પસંદ કેમ કરે છે? તે જો તાત્ત્વિક દૃષ્ટિથી તપાસીએ તો જીવને અનાદિ કાળથી મોહ–મમતા વળગેલી હોય છે. પોતાની ભિન્ન વસ્તુઓની મમતા તો માનવી કોઇક સ્વાર્થના અંગે છોડી શકે છે; પણ શરીરની મમતા છોડવી ઘણું જ કઠણ કામ છે. જીવવું–જીવન એટલે જીવની સાથે દેહનો સંયોગ બન્યો રહેવો અને મરવું એટલે જીવથી દેહનો વિયોગ થવો માટે જ માનવીને દેહનો સંયોગ ગમે છે, વિયોગ ગમતો નથી. માનવીને ધન–સંપત્તિ આદિ વસ્તુઓ તો જન્મ્યા પછી અનિયમિત કાળે મળે છે અને નથી પણ મળતી, પરંતુ દેહ તો જન્મથી જ સાથે હોય છે એટલે જ બીજી વસ્તુઓ કરતાં દેહ ઉપર મમતા ઘણી હોય છે. દેહનો વિયોગ ન થવા દેવાને માટે બીજી બધીય વસ્તુઓની મમતા છોડી દઇને તેને જતી કરે છે. રસ્તામાં કે ઘરમાં ધન–સંપત્તિ હરણ કરવા આવનાર માણસને ધન–સંપત્તિ આપી દઇને પોતાના પ્રાણ બચાવે છે. આ પ્રમાણે જીવનસંપત્તિને અમૂલ્ય માની તેનું રક્ષણ કરનાર માનવીને પૂછવામાં આવે કે–તમને જીવવું સૌથી વધારે કેમ ગમે છે? તમે શા માટે જીવો છો? તો તે મરણને દુઃખની સીમા બતાવીને બધાય સુખોનું મૂળ જીવન બતાવે છે. જો કે માનવી મરવાનાં દુઃખોથી અણજાણ છે. પોતે મોતના દુઃખનો અનુભવ કરીને આવ્યો છે છતાં અત્યારે તે બધુંય વિસરી ગયો છે; કારણ કે પોતે જે દેહમાં મોતનું દુઃખ અનુભવ્યું છે તે અત્યારે વિદ્યમાન નથી. જે દેહમાં પોતે મર્યો હતો તે દેહ જો અત્યારે વિદ્યમાન હોત તો મરવાના દુઃખનું સાચી રીતે વર્ણન કરી શકત પણ તે દેહ તો છૂટી ગયો છે. અત્યારનો દેહ પૂર્વજન્મોના દેહો કરતાં તદ્દન નવો છે એટલે તે જેમ વિદ્યમાન દેહમાં પ્રાણાંત કષ્ટવાળી માંદગી ભોગવીને સાજો થયા પછી રોગગ્રસ્ત અવસ્થામાં અનુભવેલા દુઃખને વર્ણવી શકે છે તેમ વર્તમાન દેહમાં અનુભવશૂન્ય મોતના દુઃખનું વર્ણન કરી શકતો નથી; તોયે સૌ કરતાં મરવામાં વધારે દુઃખ માનીને જીવવું પસંદ કરે છે તેનું ખાસ કારણ જો સૂક્ષ્મ બુદ્ધિથી વિચારીએ તો મરવાના દુઃખથી બ્હીને માનવીને જીવવું ગમે છે એમ નથી પણ અનાદિની ભોગ–તૃષ્ણાના સંસ્કારોને લઇને માનવીને દેહ છોડવો ગમતો નથી. વૈષયિક વાસનાઓ પોષવાને માટેજ માનવી જીવે છે અને તે તેમના આચારવિચાર તથા ઉચ્ચાર ઉપરથી સ્પષ્ટ જણાય છે. માનવી માંદો પડ્યો હોય છે ત્યારે ડૉકટરોને તથા વૈદ્યોને બહુમાનપૂર્વક નિમંત્રણ આપે છે અને વ્હાલામાં વ્હાલી ધન–સંપત્તિ તેમના ચરણે ધરીને તેમની આજ્ઞા અખંડ પાળે છે, તેનું ખાસ કારણ તો ભોગ-તૃષ્ણા બુઝવવા જીવવાની લાલસા હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાત્પર્ય કે માંદો માનવી ભોગથી વંચિત રહેવાના ભયથી ધનને તુચ્છ ગણીને ડૉકટરોનો આશ્રય લે છે. જો કોઇ નિષ્ણાત વૈદ્ય તેને તપાસીને કહી દે કે ભય જેવું નથી, સાજા થઈ જશો તો પછી તે સાધારણ દવાનો ઉપચાર કરે છે પણ ડૉકટરોની પરવા રાખતો નથી અને ભોગના સાધનભૂત ધનને વેરી નાંખતો નથી. આ પ્રમાણે ધન–સંપત્તિવાળો માનવી પોતે મેળવેલા વૈષયિક સુખના સાધનો વાપરીને પોતાની વૈષયિક વાસના પોષવાને માટે જ જીવે છે. જેની પાસે ધન–સંપત્તિ નથી તેથી વિષયપોષક સાધનના અભાવવાળો માનવી આજ નહિં તો કાલે ધન–સંપત્તિ મેળવીને વૈષયિક સુખના સાધન મેળવીશ એવી આશાથી મરવું પસંદ કરતો નથી. જો જીવવાનું ખાસ કારણ મૃત્યુની અસહ્ય વેદના જ હોય તો પછી કેટલાક માનવીઓ એમ કહેતા સંભળાય છે કે આવી દશા ભોગવવા કરતાં તો મરી જવું સારું છે. આવી રીતે કહી સંભળાવનારા જ નહિં પણ આપઘાત કરીને ખુશીથી મૃત્યુને ભેટનારાઓ પણ દૃષ્ટિગોચર થાય છે તે ન હોવું જોઇએ, માટે જો મોતના દુઃખથી બ્હીતા હોય તો પછી ગમે તેવી દશામાં મોતને સંભારે પણ નહિં પરંતુ આર્થિક સંપત્તિથી ઘસાઇ ગયેલા કે વંચિત રહેલા તથા ધનસમૃદ્ધ શ્રીમંતોની વૈષયિક સુખોની લીલા જોઇને પોતાને કંગાળ–દરિદ્રી તથા દુઃખી માનનારા મોતને સંભારે છે. અને કેટલાક તો ધન–સંપત્તિથી વૈષયિક સુખના સાધન મેળવેલા હોવા છતાં પણ ગૃહકલેશ તથા કુટુંબકલેશથી કષાયને આધીન થઇને મૃત્યુનો આશ્રય લે છે. પણ આવી રીતે મરવું પસંદ કરનારાઓ સંસારમાં અત્યંત અલ્પ પ્રમાણમાં હોય છે. માનવી ગમે તેવી દશામાં મોતના પડછાયાને પણ પસંદ કરતો નથી. અને ' અમે સુખે જીવીએ છીએ' એમ કહેનાર માનવીઓની પ્રવૃત્તિઓનું અનુકરણ કરીને પોતે પણ તેવું સુખી જીવન બનાવવા પ્રયાસ કરે છે.

અજ્ઞાની જનતાએ માની લીધેલું સુખ તથા તેને મેળવવાની પદ્ધતિને પ્રાયઃ બધાય અનુસરી રહ્યા છે પણ તેની સત્યતાની ખાતરી કરવા કોઈક જ ધ્યાન આપે છે. કોઇ પણ માનવીને પૂછવામાં આવે તો તે પોતાની ગમે તેવી પ્રવૃત્તિને સુખી થવા માટે જ બતાવે છે અને જીવવાનો હેતુ પણ સુખ ભોગવવાનું જ બતાવે છે; પણ તે સુખે જીવે છે કે દુઃખે જીવે છે અને તેવી પ્રવૃત્તિનું ફળ સુખ છે કે દુઃખ છે તે તો સાચી સમજણવાળા જ જાણી શકે છે. બાકી દેખાદેખીથી પ્રવૃત્તિ કરનાર અને અવળી સમજણથી સુખી જીવન માનનાર સાચું સમજી શકતા નથી અને તેથી સમજાવી શકતા નથી. કોઇ માણસ પાસે ક્રોડોની સંપત્તિ હોય અને તે સંપત્તિથી બાગ–બંગલા આદિ મોજશોખનાં સાધન વસાવ્યાં હોય અને પોતાને ઘણો જ સુખી માનતો હોય તેને કહેવામાં આવે કે તમારું સુખ તો જરા દેખાડો, તો તે બાગ–બંગલા આદિ જડાત્મક વસ્તુઓના સ્વામીપણા સિવાય બીજું કાંઈ પણ બતાવી શકતો નથી. અર્થાત્ પોતાની જડાત્મક ઋદ્ધિનું વર્ણન કરીને કહેશે કે–મારી પાસે આ બધીય વસ્તુઓ છે તેથી હું સુખી છું. બાકી અણજાણ જોનાર માણસ ફક્ત માણસને જોવા માત્રથી જ આ સુખી છે કે કેમ તે જાણી શકતો નથી; કારણ કે કહેવાતો શ્રીમંત તથા ગરીબ બંને જણા રસ્તામાં ચાલ્યા જતા હોય તો કોઇ ખાસ ચિન્હ એવું હોતું નથી કે જેને લઇને તેમનાથી અણજાણ માણસ તેમને જોઇને શ્રીમંતાઇ તથા ગરીબાઇ અને તેના અંગે સુખી–દુઃખીનો ભેદ પાડી શકે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોઢાની પ્રસન્નતા, શરીરની સુંદરતા તથા પુષ્ટતા અથવા સુંદર વસ્ત્રો તથા ઘરેણાની વિદ્યમાનતા તો ગરીબ હોય કે શ્રીમંત હોય બંનેમાં જોવામાં આવે છે અને મોટે ભાગે તો શરીરમાં બળ, સુંદરતા, લાવણ્યતા, આરોગ્યતા તથા પુષ્ટતા જે કાંઇ ગરીબમાં જોવામાં આવે છે તે શ્રીમંતોમાં જણાતી નથી; કારણ કે પ્રાયઃ શ્રીમંતોનો આહાર-વિહાર અનિયમિત હોય છે તેમજ વ્યવહાર પણ અનીતિમય હોય છે તેથી તેમનું સ્વાસ્થ્ય પણ બગડેલું રહે છે એટલે તેમને દવાને આશ્રયે જીવવું પડે છે, જેને લઇને તેમના શરીરની સુંદરતા તથા બળ ક્ષય થઇ ગયેલાં હોય છે; માટે કહેવાતો શ્રીમંત સુખને દેખાડી શકતો નથી. પણ અજ્ઞાની જનતામાં જે માણસની પાસે સારા પ્રમાણમાં ધન-સંપત્તિ હોય અને પૌદ્ગલિક સુખનાં સાધન હોય-ભલે પછી તે રોગોથી પીડાતો હોય કે માનસિક દુઃખથી દબાયેલો હોય તો પણ તેને સુખી માનવાની અને બહુમાન કરવાની પદ્ધતિ પડી ગઇ છે. અને તેથી કરીને જ તે પોતાને સુખી માની મિથ્યાભિમાનથી ફૂલાઇ જાય છે અને ધન-સંપત્તિ વગરનાને કંગાળ માની મનથી તેનો તિરસ્કાર કરે છે. કહેવાતા શ્રીમંતનું બધુંય સુખ બાગ-બંગલા-મોટર આદિ પૌદ્ગલિક વસ્તુઓને આધીન છે પણ જરાય સ્વાધીન નથી. જોનાર માણસ પણ આ બધીય વસ્તુ જોઇને તેના સ્વામીપણાના આશયથી જ તેને શ્રીમંત તથા સુખી કહે છે. જો આ બધીય વસ્તુઓ તેની પાસે ન હોય તો તેને શ્રીમંત કોઈ પણ કહેતું નથી, માટે જ માણસને આધીન શ્રીમંતાઈ કે સુખ નથી પણ ધન-સંપત્તિ આદિ જડાત્મક વસ્તુઓને આધીન હોવાથી એક કલાક પહેલાં જે શ્રીમંત અને સુખી કહેવાતો હતો તે જ ધન-સંપત્તિ આદિ નાશ પામવાથી ગરીબ તથા પરમ દુઃખી કહેવાય છે. ધન-સંપતિને લીધે પોતાને સુખી માનવાવાળો શ્રીમંત નિશ્ચિંત બની શાંતિ કેમ ભોગવતો નથી; તેની પાસે બધુંય હોવા છતાં પણ કયા સુખની ખામી રહી ગઇ છે કે જેના માટે ટાઢ તડકો વેઠે છે અને ચિંતાવાળા વ્યાપારોમાં માથું મારે છે. સુખમય જીવન કેમ ગાળતો નથી?

વસ્તુસ્થિતિ એવી છે કે શ્રીમંત માનવીને તૃષ્ણા તથા ભય બંને રહેલા હોવાથી તે ભલે પોતાને સુખી કહી દેખાડે; પણ ખરૂં જોતાં તો તે પરમ દુઃખી છે, કારણ કે માનવીની પાસે જ્યાં સુધી મનોવૃત્તિ મલિન તથા વિકળ બનાવનાર ધન નથી હોતું ત્યાં સુધી તો તેને કુટુંબપોષણ અને જીવનનિર્વાહ જેટલા જ ધનની જરૂર હોય છે એટલે તેને તેટલું મળી જાય તો તે સુખે જીવે છે, તેને લાખો મેળવવાની લાલસા કનડતી નથી; પણ જેની પાસે લાખોની સંપત્તિ થઈ ગઈ હોય છે તે પોતાને એમ માની લે છે કે હું જન્મથી જ લાખપતિ છું પણ બે ચાર વરસમાં જ હું લાખપતિ થયો છું એવો તેને ભાસ જ થતો નથી અને તેથી કરીને તે લાખપતિથી ક્રોડપતિ બનવાની તૃષ્ણાનો દાસ બનવાનો અને તેથી તે તૃષ્ણા તેના મનની શાંતિનો નાશ કરવાની જ અને મેળવેલું ધન નાશ થવાનો ભય તેના સુખનો પણ નાશ કરવાનો જ એટલે કે ધન ઓછું થવાના ભયથી નિરંતર તેના મનમાં અસુખ રહે છે. અને તેથી પોતાની પાસેનું ધન વ્યાપારથી કે બીજા કોઈ કારણથી ઓછું થઈ જાય તો અત્યંત દુઃખ મનાવે છે. ધન ઓછું ન થાય એટલા માટે તો તે પુન્ય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપાર્જન કરવા ધર્મકાર્યમાં કે સુખે જીવવાને જોઈતાં સાધનો મેળવવામાં તેને વાપરતો નથી અને કંજુસાઈથી દુઃખે જીવે છે. જો કે પોતે વિચાર કરે તો જન્મથી જ તેની પાસે ધન–સંપત્તિ નહતી પણ બે–પાંચ વરસમાં જ તેને મળેલી છે, તે જો કદાચ જતી રહેશે તો તેનું કાંઈ પણ ઓછું થવાનું નથી; કારણ કે તે બહારથી જેવી આવી તેવી પાછી બહાર નિકળી જાય છે માટે તેમાં કાંઈ દુઃખ મનાવવાની જરૂરત નથી. જો જન્મતાં જ લાખોની સંપત્તિ મળી હોય અને તે પાછળથી કદાચ જતી રહે તો માનવીને ચિરપરિચિત લક્ષ્મી માટે કાંઈક દુઃખ થાય ખરું, પણ જે વસ્તુ પાસે હતી જ નહિં તે જો કદાચ પરોણા તરીકે થોડા દિવસ અથવા તો મહિના કે વરસ રહીને જાય તો તેથી કાંઈ પણ તેનું જતું ન હોવાથી તેને દુઃખ મનાવવાની કાંઈ પણ જરૂરત નથી. માનવીને બીજી રીતે પણ ધનનાશથી દુઃખ થાય છે. જ્યારે માનવીને વ્યાપારમાં અણચિંતવ્યો લાભ મળવાથી સાધારણ સ્થિતિમાંથી લાખપતિ બની જાય છે ત્યારે તેને ઉન્માદ આવી જાય છે અને તેથી પોતાની સ્થિતિ બહુ જ જલદી બદલી નાંખે છે. એટલે કે તે બાગ–બંગલા–મોટર આદિ વસાવીને પ્રથમની સ્થિતિ ભૂલી જઈને પોતાને બહુ જ સુખી માની લે છે અને મિથ્યાભિમાનના આવેશથી પહેલાની પોતાના જેવી જ સ્થિતિવાળા માણસોને તુચ્છ ગણે છે અને પોતે મેળવેલી ધન–સંપત્તિ સદાને માટે સ્થિર રહેવાની શ્રદ્ધાથી છૂટથી વાપરે છે; કારણ કે પૂર્વે ઉપાર્જન કરેલા પુન્યના બળથી વ્યાપારોમાં ધાર્યા કરતાં અધિકતર લાભ મળતો જ રહે છે એટલે નિર્ભયપણે વ્યાપારનું ક્ષેત્ર પણ વધારે છે પણ જ્યારે પુન્યબળ કાચું પડી જવાથી અણધાર્યું વ્યાપારોમાં નુકશાન આવે છે ત્યારે તેને પૂરવા જેમ જેમ પ્રયત્ન કરે છે તેમ તેમ લક્ષ્મીનો નાશ થતો જાય છે. છેવટે જીવનનિર્વાહ પૂરતું તેની પાસે ધન રહેવા છતાં પણ ભૂતકાળમાં ભોગવેલા સુખો પોતાને સાંભરવાથી ઘણું જ દુઃખ થાય છે. માનવ પ્રકૃતિનો એક એવો પણ નિયમ છે કે–માનવી પુષ્કળ દુઃખ વેઠીને સારી રીતે સુખી થયો હોય તો તે દુઃખ સાંભરતું નથી પણ સુખ ભોગવીને જ્યારે દુઃખી અવસ્થા ભોગવવાનો સમય આવે ત્યારે ભોગવેલું સુખ વારંવાર સાંભરવાથી ધનનાશ તથા સુખ–સ્મૃતિથી બેવડો દુઃખી થાય છે. આ પ્રમાણે શ્રીમંતાઈમાં સુખી જીવન માનનારને ધન વધારવાની તૃષ્ણા તથા ધનનાશનો ભય હોવાથી સુખ- શાંતિ હોતી નથી છતાં બીજાને ઉપરનો ડોળ કરીને અમે સુખે જીવીએ છીએ એમ બતાવવા પ્રયાસ કરે છે પણ પરિણામે તો તેમનું આંતર જીવન બહાર આવ્યા સિવાય રહેતું નથી.

જન્મથી શ્રીમંત હોય કે પાછળથી શ્રીમંત થયો હોય તો પણ તે એટલું તો જાણે છે, જુએ છે અને અનુભવે પણ છે કે જે ધન–સંપત્તિથી હું સુખી કહેવાઉં છું, શ્રીમંત જણાઉં છું તે અસ્થિર છે–ચંચળ છે, આજ છે અને કાલે નથી છતાં તે મળેલી લક્ષ્મીને જાળવી રાખી વધારવાને માટે મેળવેલા સુખના સાધનોનો નિશ્ચિંતપણે ઉપભોગ કરી શકતો નથી; પણ મારી પાસે પુષ્કળ સંપત્તિ છે એમ સમજીને સંતોષ માને છે. જો મૂર્ખમાં મૂર્ખ માણસ પણ ધ્યાન આપે તો તે સારી રીતે જાણી શકે છે કે લક્ષ્મી અસ્થિર છે, તેનું વ્હેણ ચાલુ જ રહે છે, એક દિશામાંથી લક્ષ્મીનો પ્રવાહ આવે છે તે બીજી દિશામાં વ્હેતો રહે છે પણ એક જ સ્થળે સ્થિર રહીને સંચય થતો નથી અને તે આવક તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખરચથી જાણી શકાય છે. થોડી આવકવાળાને થોડું ખરચ અને ઘણી આવકવાળાને ઘણું ખરચ હોય છે. ખરચવાટે લક્ષ્મી પોતાનો રસ્તો કરે છે. જેઓ કંજુસાઈ કરીને આવકના પ્રમાણમાં ખરચ રાખતા નથી અને ધર્મના કામમાં ધન વાપરવું તે નાંખી દેવા જેવું માનતા હોય, ઘરના માણસોને પોષવામાં પરોપકાર સમજતા હોય તથા ખાવા-પીવામાં કે પહેરવા-ઓઢવામાં ઘણું જ કષ્ટ વેઠતા હોય અને માનતા હોય કે લક્ષ્મી પોતાનો અસ્થિર સ્વભાવ બદલશે પણ તેમનો આ વિચાર તેમની ટૂંકી બુદ્ધિનું સૂચન કરે છે, કારણ કે લક્ષ્મીનો અસ્થિર સ્વભાવ બદલાવવાને સંસારમાં માણસોએ આવી રીતે અનેક અખતરાઓ કરી જોયા છે પણ કરીયાતું જો પોતાનો કડવો સ્વભાવ છોડીને મીઠું થાય તો જ લક્ષ્મી પોતાનો અસ્થિર સ્વભાવ છોડીને સ્થિર થઈ શકે. લક્ષ્મીને તીજોરીમાં પૂરી રાખો કે વાપરવાને ગમે તેટલી કંજુસાઇ કરો પણ નિર્માણ થયેલા સંબંધનો સમય પૂરો થતાં જ ચાલી જાય છે અને તે વ્યાપારમાં ખોટ જવી, બિમારી આવવી, લડાઈ થવી, ઘરમાં આગ લાગવી, જળપ્રલય થવો ઇત્યાદિ નિમિત્તોદ્વારા બહુ જલદીથી નાશ પામી જાય છે કે જેનો ખ્યાલ માનવીને સ્વપ્નમાં ય હોતો નથી છતાં માણસોને પોતે સુખી છે, શ્રીમંત છે એમ કહેવડાવવાને માટે ધનની તૃષ્ણા વધારે હોય છે અને તેથી તે અજ્ઞાની માણસો દેખાદેખી, અધર્મ તથા અનીતિ આદરીને મેળવેલા ધનથી પૌદ્ગલિક સુખના સાધનો બનાવે છે. તેને જોઈને અજ્ઞાની જનતા તેમને વખાણે છે અને કહે છે કે-તમે શ્રીમંત છો-સુખી છો. આ પ્રમાણે સાંભળીને તેઓ પોતાને સુખી માને છે અને રાજી થાય છે. પણ તાત્વિક દૃષ્ટિથી જોતાં તો તે સુખી જ નથી. એટલે આવી રીતે માનવજીવનમાં જીવનારાઓ સાચું જીવી જાણતા જ નથી.

માનવીને જીવન તથા ધન એ વસ્તુઓ મળે છે. ધનના માટે મળવાનો નિયમ નથી, મળે પણ છે અને કેટલાકને નથી પણ મળતું પરંતુ જીવન તો બધા ય માનવીને મળે છે, પરંતુ બંને વસ્તુઓનો ઉપયોગ કરવાને બુદ્ધિ તથા ડહાપણ જ્યાં સુધી ન મળે ત્યાં સુધી બંને નકામાં છે. જેઓ જીવતાં તથા ધન વાપરતાં શીખ્યા છે તેઓ જ સાચી રીતે જીવી જાણે છે અને સાચા શ્રીમંત કહેવાય છે. બાકી તો મૂર્ખાઇભરેલા જીવનમાં જો ધન મળ્યું હોય તો તે તેનો દુરૂપયોગ કરીને સ્વ-પરનું અકલ્યાણ જ કરે છે. જેમનાં જીવન બીજા જીવોને ત્રાસ, ભય તથા પ્રાણાંત કષ્ટ આપનારાં હોય છે તેઓ સાચી રીતે માનવ-જીવનમાં જીવતા નથી પણ હિંસક પશુઓના જીવનમાં જીવે છે. તેવી જ રીતે મૂર્ખ શ્રીમંતો પણ સ્વ-પરના શત્રુ હોય છે; કારણ કે જે કૃત્યોથી પોતાનો આત્મા હલકી ગતિઓમાં અનેક પ્રકારના શરીરો ધારણ કરે છે, જન્મ, જરા, મરણ, રોગ, શોક આદિની અસહ્ય વેદના ભોગવતો આવ્યો છે, તેમાંથી તેને છોડાવવાને માટે સત્કૃત્યો ન કરતાં પાંચે ઇંદ્રિયોના વિષય પોષવાને માટે ધનદ્વારા અનેક જીવોનો સંહાર થાય તેવી પ્રવૃત્તિ આદરે છે, કારણ કે એક ઇંદ્રિયથી લઇને પાંચ ઇંદ્રિય સુધીના સૂક્ષ્મ તથા સ્થૂલ જીવોનો સંહાર કર્યા સિવાય પાંચે ઇંદ્રિયોના વિષયપોષક વસ્તુઓ બની શકતી નથી. માનવી ખોટા બનાવટી સુખ માટે 'જેમ મને જીવવું ગમે છે તેમ જીવમાત્રને જીવવું ગમે છે.' આ અનાદિ સિદ્ધ નિયમને ભૂલી જાય છે અને બીજા જીવોના પ્રાણો બચાવવાની પરવા કર્યા સિવાય અજ્ઞાની જીવોએ માની રાખેલા આનંદ તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ક્ષણિક અને બનાવટી સુખ ભોગવ્યું હોય છે તેના કરતાં અનંતગણું અક્ષણિક દુઃખ ભોગવવાને ભાવી ભવોમાં અધમ ગતિઓનો આશ્રિત બને છે. મૂર્ખ શ્રીમંતો પરનું અકલ્યાણ કરવામાં એવી રીતે પણ કારણ બને છે કે પોતે મેળવેલી સંપત્તિનો સદ્દઉપયોગ ન કરતાં એટલે કે આત્મશ્રેય માટે ધાર્મિક કાર્યમાં અથવા તો જીવનનિર્વાહના સાધનના અભાવે દુઃખ ભોગવતા જીવોને સાધનસંપન્ન બનાવવામાં ન વાપરતાં અનેક ક્ષુદ્ર જીવોના પ્રાણોનો નાશ કરીને બાગ-બંગલા આદિ વસ્તુઓ જનતાને ગમે તેવી તૈયાર કરે છે, જેને જોઇને જડાસક્ત-અજ્ઞાની જીવો તેના વખાણ કરે છે, તેથી તેઓ પાપના ભાગી બને છે, કારણ કે અનેક જીવોના નાશથી ઉત્પન્ન થયેલી બાગ-બંગલા આદિ વસ્તુઓને વખાણી તેની બનાવટનું અનુમોદન કરવાથી તે વસ્તુ વગર ભોગવે પણ પાપનો હિસ્સો મળે છે. જેમકે નિરારંભી ધાર્મિક કાર્યોને વખાણી ધર્મી પુરુષોનું અનુમોદન કરવાથી પુન્યબંધ થાય છે, તેમજ સારંભી પાપથી પેદા થયેલી વસ્તુને વખાણી અનુમોદન કરવાથી પાપ પણ બંધાય છે અને બીજું કહેવાતા બાગ-બંગલાવાળા શ્રીમંતોની અજ્ઞાની જનતામાં માન-મોટાઇ તથા આદર-સત્કાર જોઇને સાધારણ સ્થિતિવાળા માણસો પણ ધન-સંપત્તિ મેળવીને માન-મોટાઈ મેળવવા અને હું પણ શ્રીમંત અને સુખી છું એવું જડાસક્ત જીવોને દેખાડવા અસત્ય-માયા તથા અનીતિ આદરીને પણ ધન મેળવે છે અને પૌદ્ગલિક સુખના સાધન મેળવી પોતાને કૃતકૃત્ય માને છે અને જો પુન્યની ખામીથી ધન-સંપત્તિ ન મળવાથી જનતા ખુશી થઇને પ્રશંસા કરે તેવું કાંઇ પણ બનાવી શકે નહિં તો પોતાની પાસે જીવનનિર્વાહનું સાધન હોવા છતાં પણ શ્રીમંતોના બાગ, બંગલા, મોટર આદિ જોઇને અદેખાઈ કરે છે, મનમાં બળે છે અને દુઃખે જીવીને દુર્ગતિમાં ચાલ્યા જાય છે. આ બધાયનું મૂળ કારણ તો મૂર્ખ શ્રીમંતોની પ્રવૃત્તિ બને છે અને તેથી જ તેઓ પરનું અકલ્યાણ કરવાવાળા હોય છે.

સંસારમાં સુખે જીવીને સદ્દગતિ મેળવવાની ઇચ્છાવાળા સમજુ માણસોએ અજ્ઞાની તથા જડાસક્ત શ્રીમંતોના જીવનમાં જીવવાની ઇચ્છા રાખવી ન જોઇએ, પણ જ્ઞાની મહાપુરુષોના જીવનનો અભ્યાસ કરીને પોતાના જીવનને તેમના જીવવાના માર્ગે વાળવું જોઇએ; તો જ સાચી રીતે સુખથી જીવી શકાય છે; કારણ કે મહાપુરુષોએ જ સાચી રીતે જીવી જાણ્યું છે. તેથી તેમના જીવનમાં જીવનારા આત્માઓ પરમપદ મેળવીને શાશ્વતસુખના ભોગી બન્યા છે. દુઃખોનો નાશ કરવા જીવનાર જ સુખે સાચું જીવે છે પણ સુખ ભોગવવાની ઇચ્છાથી જીવનાર સુખે જીવી શકતો જ નથી, માટે જ જેઓ પોતાને એમ માને છે કે અમે પરમ સુખ ભોગવીએ છીએ તે જ સંસારમાં પરમ દુઃખી છે. વિભાવ દશામાં વિકૃત થયેલો આત્મા જ પોતાને સુખી માનવા-મનાવવા પ્રયાસ કરે છે. જે સ્વભાવ દશાવાળા આત્મા છે તેમને સુખી માનવા-મનાવવાનો સંકલ્પ સરખો ય હોતો નથી; કારણ કે તેઓ પોતે સુખસ્વરૂપ છે, તેથી તેમાં અસુખનો અંશ સરખો ય હોતો નથી. જીવન તથા સુખમાં કાંઈ પણ અંતર નથી. જે જીવન છે તે સુખ છે અને જે સુખ છે તે જ જીવન છે. બંનેમાં ફક્ત નામનું અંતર છે. જીવન તથા સુખ બને આત્મધર્મ છે અને જેની કલ્પના કરવામાં આવે છે અથવા સંકલ્પ કરવામાં આવે છે તે દુઃખ છે પણ સુખ નથી અને તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ન્યાય રત્નાવલી.

લેખકઃ—મુનિરાજશ્રી ધુરંધરવિજયજી.

( પૃષ્ઠ ૧૭૬ થી શરૂ. )

## ( ૧૨ )

**अङ्गुल्यग्रं न तेनैवाङ्गुल्यग्रेण स्पृश्यते ॥१२॥**

એક આંગળીના અગ્રભાગને અડકવું હોય, સ્પર્શ કરવો હોય તો બીજી આંગળીની જરૂર પડે છે. એ વાસ્તવિક હકીકત છે. આ ન્યાય પણ એ જ વાતને કહે છે કે–આંગળના ટેરવાને તે જ આંગળીના ટેરવાવડે સ્પર્શી શકાતું નથી.

આ ન્યાયનો ઉપયોગ નૈયાયિક વગેરે જ્ઞાન પરપ્રકાશક છે પણ સ્વપ્રકાશક નથી એ સિદ્ધ કરવા માટે કરે છે કે જ્ઞાનથી બીજી વસ્તુઓ જણાય છે પણ જ્ઞાન પોતે પોતાને જણાવી શકતું નથી. જેમકે "**अयं घटः**" આ ઘડો છે એ જ્ઞાન ઘડાને જણાવે છે. પણ ઘટ સંબંધી જ્ઞાનને તે જ્ઞાન જણાવતુ નથી. ઘટ વિષયક જ્ઞાનને જાણવા માટે બીજા જ્ઞાનની જરૂર છે, જેમ આંગળીના ટેરવાને અડકવાને બીજી આંગળી જોઇએ તેમ.

નૈયાયિક વગેરેની આ વાતને જ્ઞાનને સ્વ-પ્રકાશક માનનારા સ્વીકારતા નથી. નૈયાયિકોની સામે તેઓ કહે છે કે જ્ઞાન એ દીપક સમાન છે "**नहि दीपकदर्शनाय दीपकान्तरापेक्षा**" એક દીવાને જોવાને બીજા દીવાની જરૂર નથી. દીપક ઘટ–પટ વગેરે વસ્તુઓને પ્રકાશિત કરે છે અને પોતે પણ પ્રકાશિત રહે છે. દીવાની

---

તે કોઈ પણ વસ્તુનો ધર્મ નથી પણ આત્મ-પરિણુત દેહની સાથે પૌદ્ગલિક દ્રવ્યોના સંયોગથી ઉત્પન્ન થયેલી અજ્ઞાની જીવની કલ્પના માત્ર છે કે જેને જડાસક્ત જીવો સુખ કહે છે. જ્યારે દેહ પૌદ્ગલિક દ્રવ્યોના સંયોગનો વિયોગ થાય છે ત્યારે દુઃખની કલ્પના કરવામાં આવે છે, માટે કાલ્પનિક સુખ તથા દુઃખ તાત્ત્વિક નથી. આ બંને સુખ તથા દુઃખ દ્રવ્ય નથી તેમજ ગુણ પણ નથી, પરંતુ દ્રવ્યોનો સંયોગ–વિયોગ માત્ર છે, તેને અનાદિકાળથી તીવ્ર રાગ, દ્વેષ તથા મોહને આધીન થયેલો આત્મા સુખ–દુઃખ તરીકે માને છે અને મોહે મનાવેલા અનુકૂળ સંયોગો મળવાથી પોતાને સુખે જીવવાનું માને છે. અજ્ઞાનીઓએ માનેલું સારું જીવનારા તો ઘણાએ છે પણ જ્ઞાનીઓએ માનેલું સાચું જીવનાર તો ઘણું શોધવા છતાં પણ મળતા નથી. કષાય–વિષયની ઉપશાંતતા સિવાય અને અનાસક્તિ પ્રગટ્યા સિવાય તો કોઈપણ–'હું સાચું કહું છું' એમ કહેવાનો પણ અધિકારી નથી, કારણ કે જીવોને જીવાડવાની ભાવના સિવાય જીવન સાચું બની શકતું નથી અને કષાય, વિષય તથા આસક્તિભાવ જીવોને જીવાડવાના વિરોધી છે. જીવોનું પ્રાણધન લૂંટ્યા સિવાય વિષયાસક્તિમાં સંતોષ મળી શકે નહિં. કષાય, વિષય તથા આસક્તિમાં તરબોળ થયેલા જીવનવાળાનો દાહજ્વર અનેક જીવોના જીવનના ભોગે પણ શમતો જ નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ જ્ઞાન અન્યને સમજાવવાની સાથે પોતે પણ સ્વયં સ્ફુટ થાય છે. જો એક જ્ઞાનને માટે અન્ય જ્ઞાનની જરૂર રહે તો આરો જ ન આવે. એટલે अङ्गुल्यग्रं-એ ન્યાય दीपकदर्शन ન્યાયથી ખંડિત થાય છે. નૈયાયિક અને મીમાંસકો પોતાના ગ્રન્થમાં આ ન્યાયનો વિશેષે ઉપયોગ કરે છે, કારણ કે તેઓ જ્ઞાનને સ્વપ્રકાશક સ્વીકારતા નથી. એટલે સ્વમતની સિદ્ધિ માટે આ ન્યાય તેમને અનુકૂળ આવે છે. તે તે ઉપયોગ જુદા જુદા ગ્રન્થોમાં આ પ્રમાણે છે—

ન્યાયવાર્તિક તાત્પર્ય ટીકા—

**यथाङ्गुल्यग्रं न तेनैवाङ्गुल्यग्रेण स्पृश्यते एवं ज्ञानं न तेनैव ज्ञानेन ग्रहीतुं शक्यते ॥**

માધ્યમવૃત્તિ—

**यथापि नाम तस्यैवासिधारया सैवासिधारा न शक्यते छेत्तुं न तेनैवांगुल्यग्रेण तदेवाङ्गुल्यग्रं शक्यते स्प्रष्टुमेवमेव न तेनैव चित्ते तदेव चित्तं शक्यं द्रष्टुम् ॥**

શ્લોકવાર્તિક—

**नहि पाकः पच्यते छिदा वा छिद्यते, नापि करणकर्मत्वं कर्तृकर्मत्वं वा एकस्य संभवति, न ह्यङ्गुल्यग्रेणैवाङ्गुल्यग्रं स्पृश्यते नाप्यङ्गुल्यग्रमात्मानं स्पृशति । तेनासां विधानां दृष्टान्ते क्वचिदप्यदर्शनाज्ज्ञानेऽपि नास्ति संभवः ।**

ન્યાયકર્ણિકા, ન્યાયમકરંદ વગેરેમાં નીચે પ્રમાણે આ ન્યાયને બતાવતો શ્લોક છે.

**अङ्गुल्यग्रं यथात्मानं, नात्मना स्प्रष्टुमर्हति ॥**
**स्वांशेन ज्ञानमप्येवं, नात्मनं ज्ञातुमर्हति ॥**

દાર્શનિક જગતમાં જ્ઞાનને સ્વપ્રકાશક માનવું કે પરપ્રકાશક માનવું અથવા ઉભય માનવું એ વિષયમાં બહુ લાંબા કાળથી મતભેદ પ્રવર્તે છે. જુદા જુદા ન્યાયો અને યુક્તિઓ પોતપોતાના સિદ્ધાન્તની સિદ્ધિ માટે દરેકને મળી આવે છે એટલે કોઇ જાતનો નીકાલ થતો નથી.

મહાવેદાન્તી શંકરાચાર્યને અને મહામીમાંસક મંડનમિશ્રને જે શાસ્ત્રાર્થ થયો હતો તેમાં પણ જ્ઞાન સ્વપ્રકાશક છે કે પરપ્રકાશક એ વિષય પ્રધાન હતા.

મંડનમિશ્રજીનું ઘર કયાં આવ્યું એ પ્રશ્નના ઉત્તરમાં પાણી ભરવા જતી સ્ત્રીઓએ શંકરાચાર્યને નીચે પ્રમાણે ઉત્તર આપ્યાનું સંભળાય છે—

**स्वतः प्रमाणं परतः प्रमाणं,**
**कीराङ्गना यत्र वदन्ति वाचः ।**
**शिष्योपशिष्यैरुपगीयमानं,**
**जानीहि तन्मण्डनमिश्रवेश्म ॥**

જો જ્ઞાન જડ હોય તો અંગુલ્યગ્રનો ન્યાય તેને લાગુ પાડવો ઉચિત છે પણ જો જ્ઞાનને ચૈતન્યરૂપ સ્વીકારતા હોય તો દીપકના ન્યાયે સ્વપરપ્રકાશક માનવામાં જ લાભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અનેકાન્તની અંદર સપ્તભંગીની ઉત્પત્તિ.

( સન્માર્ગદિચ્છક. )

**શંકા**—કેટલાક લોકોની આવા પ્રકારની શંકા છે કે-અનેકાન્તની અંદર સપ્તભંગીની પ્રવૃત્તિ છે કે નહિ ? તે શંકા નિર્મૂલ કરવા માટે જો તેઓને એમ સમજાવવામાં આવે કે-અનેકાન્તની અંદર પણ અમો સપ્તભંગીની પ્રવૃત્તિ માનીએ છીએ. તેના ઉત્તરમાં કહે છે કે-તો સપ્તભંગીના બીજા ભાંગાનો આશ્રય કરવાથી અનેકાન્તનો નિષેધ જે એકાન્તરૂપ છે તેને માનતાં જૈન સિદ્ધાંતના મૂલમાં જ વ્યાઘાત થવાથી સર્વથા અનિષ્ટ જ ગણાય. તથા તેવી રીતે સપ્તભંગી માનતાં અનવસ્થારૂપ ડાકિણીનો પણ સંભવ થઇ શકે, જેથી પ્રથમ પક્ષ એકલો માનવામાં આવા પ્રકારની વિપત્તિઓ આવી પડે છે.

તેમજ અનેકાન્તની અંદર સપ્તભંગીની પ્રવૃત્તિ થતી નથી એ પ્રકારનો દ્વિતીય પક્ષ માનવામાં મૂલનો જ નાશ થાય છે કેમકે સર્વ પદાર્થો સપ્તભંગીથી યુક્ત છે એવા પ્રકારનો જે જૈન સિદ્ધાન્ત છે તેનો જ વ્યાઘાત થવાનો, અતએવ દ્વિતીય પક્ષ માનવામાં પણ વિપત્તિઓ આવી પડવાની.

**સમાધાન**—જેવી રીતે અનેકાન્તના એક સમ્યગ્ અનેકાન્ત અને દ્વિતીય મિથ્યા અનેકાન્ત બે ભેદ છે, તેવી રીતે એકાન્તના પણ એક સમ્યગ્ એકાન્ત અને બીજો મિથ્યા એકાન્ત બે ભેદ સમજવા. તેમાં પણ સમ્યક્ અનેકાન્ત પ્રમાણરૂપ છે અને મિથ્યા અનેકાન્ત તો પ્રમાણાભાસરૂપ છે. તેનું સ્વરૂપ નીચે બતાવવામાં આવે છે.

એક વસ્તુની અંદર રહેલા જે અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, સામાન્યત્વ, વિશેષત્વાદિ વિવિધ ધર્મોના નિરૂપણમાં પ્રવીણ હોય અને પ્રત્યક્ષાદિ પ્રમાણોથી વિરુદ્ધ ન હોય તેને ' સમ્યક્ અનેકાન્ત ' કહેવામાં આવે છે. અને તે જ વસ્તુમાં રહેલા નાના ધર્મોનું નિરૂપણ કરવામાં કુશળ હોય પરંતુ પ્રત્યક્ષ-અનુમાનાદિ પ્રમાણોથી જો વિરૂદ્ધ હોય તો તેને ' મિથ્યા અનેકાન્ત ' કહેવામાં આવે છે અર્થાત્ એ અનેકાન્તાભાસ કહેવાય છે.

એકાન્તના બે ભેદની સમજ-સમ્યગ્ એકાન્ત તો તેને જ કહેવાય છે કે જે પ્રમાણથી પ્રતિપાદન કરેલી અનેક ધર્મવાળી વસ્તુની અંદરથી કોઈ એક ધર્મની મુખ્યતાને લઈને વસ્તુના પ્રતિપાદન કરવામાં કુશલ હોય અને સાથે સાથે બીજા ધર્મોનો નિષેધ ન કરતો હોય અર્થાત્ તે વખતે બીજા ધર્મદ્વારા વસ્તુના પ્રતિપાદનમાં ઉદાસીનતા રાખતો હોય તેને ' સમ્યગ્ એકાન્ત ' કહેવામાં આવે છે. અને અનેક ધર્મવાળી વસ્તુના એક ધર્મને પ્રતિપાદન તો કરતો હોય પરંતુ સાથે બીજા ધર્મોનો નિષેધ પણ કરતો હોય તે ' મિથ્યા એકાન્ત ' નયાભાસરૂપ છે.

પ્રમાણરૂપ સમ્યગ્ અનેકાન્ત તથા નયરૂપ સમ્યગ્ એકાન્ત અર્થાત્ પ્રમાણ નયને લઇને અનેકાન્તની અંદર પણ સપ્તભંગી માનવામાં આવે છે અને બીજો પક્ષ તો સર્વથા અનાદરણીય છે તેમજ પ્રથમ પક્ષમાં સ્યાદ્વાદની ઉપર સપ્તભંગી માનવામાં જે દોષોનું આરો-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ કરાયું હતું તે પણ પ્રલાપપ્રાય સમજવું; કેમકે ઉપર્યુક્ત રીતે માનવામાં વ્યાઘાતાદિ કોઈ પણ દોષનો અવકાશ છે જ નહિ તેમજ અનવસ્થાનો પણ પ્રસંગ નથી. અનવસ્થા દોષ તો ત્યાં આવ્યો ગણાય કે જ્યાં દોષાવહ રૂપ હોય, પરંતુ બીજઅંકુરની માફક આ ઠેકાણે અનવસ્થા દોષરૂપ નથી.

વ્યાઘાત દોષ પણ ત્યાં આવી શકે કે જ્યાં કેવળ અનેકાન્તને માનવામાં આવેલો હોય, એકાન્તને બીલકુલ માનવામાં ન આવેલો હોય, પરંતુ આ ઠેકાણે તો અનેકાન્તના નિષેધરૂપ સમ્યગ્ એકાન્તને નયરૂપે તો સારી રીતે આદરપૂર્વક માનવામાં આવેલો હોવાથી વ્યાઘાત–આશંકા પણ આકાશપુષ્પ સમાન સમજવી. જૈન સિદ્ધાન્તમાં તો એકાન્તને લઈને સ્યાદસ્તિ એ પ્રથમ ભંગ તથા સમ્યગ્ એકાન્તને લઈને સ્યાત્ નાસ્તિ એ દ્વિતીય ભંગ માનવામાં આવે છે. અર્થાત્ એકાન્ત છે નહિ એમ કહેતાં સમ્યગ્ એકાન્ત છે. આવી રીતે માનવામાં કોઈ પણ દોષની ઉપસ્થિતિ થતી નથી.

જૈન સિદ્ધાન્તમાં વસ્તુનો નિર્ણય પણ પ્રમાણ નય સિવાય થઈ શકતો નથી, માટે નયરૂપ સમ્યગ્ એકાન્ત માન્યા સિવાય પણ વસ્તુગતે વસ્તુની ઓળખાણ થવી અસંભવપ્રાયઃ સમજવી.

કદાચ પૂર્વપક્ષી લોકો પ્રશ્ન કરે કે–તમોએ માનેલો નય નામનો પદાર્થ પોતે પ્રમાણરૂપ છે કે અપ્રમાણરૂપ છે? જો તેને પ્રમાણરૂપ માનશો તો પ્રમાણમાં જ અન્તર્ભૂત થવાથી અલગ માનવો નકામો છે અને જો નયને પ્રમાણરૂપ માનવામાં ન આવે તો વન્ધ્યાપુત્રની માફક અપ્રમાણિક પદાર્થદ્વારા વસ્તુસિદ્ધિ કદાપિ થઇ શકે જ નહિ. આવા પ્રકારની શંકાનો ઉત્તર પણ નીચે પ્રમાણે સમજવો.

સમુદ્રના એક બિન્દુને તમારા હાથમાં મૂકી પૂછવામાં આવે કે આ સમુદ્રના બિન્દુને તમે સમુદ્રરૂપ માનો છો કે અસમુદ્રરૂપ? પ્રથમ પક્ષ યાને સમુદ્રના એક બિન્દુને સમુદ્રરૂપ માનવામાં આવે તો તેવા દરેક બિન્દુઓને સમુદ્રરૂપે માનવા પડશે. તેમ થતાં એક જ સમુદ્ર અસંખ્યાત સમુદ્રરૂપે મનાશે. આથી તો મૂળમાં જ કુવાડો ફરી જવાનો, કારણ કે તમારા મતમાં તો સાત સમુદ્ર સિવાય અધિક સમુદ્રની માન્યતા છે જ નહિ.

( ચાલુ )



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ઉદારતા

અનુ૦—**અભ્યાસી**

મનુષ્યના વ્યક્તિત્વને આકર્ષક બનાવનારી કોઇ વસ્તુ હોય તો તે ઉદારતા છે. ઉદારતા પ્રેમનું પરિષ્કૃત સ્વરૂપ છે. પ્રેમમાં કોઇ કોઇ વાર સ્વાર્થ ભાવના છુપાઇ રહે છે. કામાતુર મનુષ્ય પોતાની પ્રેયસી સાથે પ્રેમ કરે છે; પરંતુ જયારે તેની પ્રેમવાસના તૃપ્ત થઈ જાય છે ત્યારે તે તેને ભૂલી જાય છે. જે સ્ત્રીની સાથે કામી પુરુષ તેના યૌવનકાળ અને આરોગ્ય અવસ્થામાં પ્રેમ કરે છે તેને વૃદ્ધાવસ્થામાં અને રૂગ્ણાવસ્થામાં તિરસ્કારની દૃષ્ટિથી જોવા લાગે છે. પિતાના પુત્ર પ્રત્યેના પ્રેમમાં, મિત્રના મિત્ર પ્રત્યેના પ્રેમમાં, તથા દેશભકતના પોતાના દેશબંધુઓ પ્રત્યેના પ્રેમમાં સ્વાર્થભાવ છુપાઇ રહેલો છે. પિતાને પુત્રની સાથે, ભાઇને ભાઇ સાથે, મિત્રને મિત્રની સાથે, દેશભક્તને દેશવાસી સાથે કોઇ પ્રકારનો સ્વાર્થ નથી હોતો ત્યારે તેઓ પોતાના પ્રિયજનની તરફ ઉદાસીન થઇ જાય છે. પરંતુ જે પ્રેમનો આધાર ઉદારતા હોય છે તે એ રીતે નષ્ટ થતો નથી. ઉદાર મનુષ્ય બીજાની સાથે જ પ્રેમને પોતાના સ્વાર્થ સાધનનો હેતુ નથી કરતો, પરંતુ પોતાના કલ્યાણ માટે જ કરે છે. ઉદારતામાં પ્રેમ સેવાનું રૂપ ધારણ કરે છે. એ રીતે પ્રેમનું દૈવી રૂપ પ્રકાશિત થાય છે.

ઉદાર મનુષ્ય બીજાનાં દુઃખે પોતે દુઃખી થાય છે. તેને બીજાના દુઃખ સુખની જેટલી ચિંતા રહે છે તેટલી પોતાનાં દુઃખ સુખની રહેતી નથી. ભગવાન બુદ્ધ પોતાનાં દુઃખની નિવૃત્તિ માટે સંસારનો ત્યાગ કરી જંગલમાં નહોતા ગયા, પરંતુ સંસારના સઘળાં પ્રાણીઓને દુઃખથી વિમુક્ત કરવાના વિચારથી રાજમહેલ છોડીને જંગલમાં ગયા હતા. આવા પુરુષો જ નરશ્રેષ્ઠ કહેવાય છે.

ઉદારતાથી મનુષ્યની માનસિક શકિતયોનો અદ્ભુત વિકાસ થાય છે. જે વ્યકિત પોતે કમાયલા પૈસાનું જેટલું વધારે દાન કરે છે તે પોતાની અંદર વધારે પૈસા કમાવાનો એટલો જ અધિક આત્મવિશ્વાસ ઉત્પન્ન કરે છે. ખરેખરા ઉદાર મનુષ્યને પોતાની ઉદારતા માટે કદિ પણ અફસોસ નથી કરવો પડતો. ઉદાર પુરુષને આત્મવર્ત્સના નથી થતી. સેવાભાવથી કરેલું કોઇ પણ કાર્ય માનસિક દૃઢતા ઉપજાવે છે. એને લઇને મનની અંદર અનેક જાતના તર્ક–વિતર્ક ઉથલપાથલ પેદા કરવાને બદલે શાંત થઈ જાય છે. અનુદાર માણસ અનેક જાતનો આગળપાછળનો વિચાર કરે છે, ઉદાર વ્યકિત એવા વિચારો કરે જ નહિ. ભલાઇ ગમે તે વ્યકિત તરફ બતાવવામાં આવે, તેનું પરિણામ ભલું જ આવે છે. એનાથી એક બાજુ ભલાઈના વિચારોનો સંચાર ઉદારતાના પાત્રના દિલમાં થાય છે અને બીજી બાજુ પોતાના વિચારો પણ ભલાઇભર્યા જ થાય છે. પ્રકૃતિનો અટલ નિયમ છે કે–કોઇ પણ ત્યાગ વ્યર્થ જતો નથી. જાણી બૂઝીને કરેલો ત્યાગ સૂક્ષ્મ આધ્યાત્મિક શકિતના રૂપમાં પોતાનાં જ મનમાં સંચિત થાય છે. એ શકિત એક પ્રોમીસરી નોટ જેવી છે. બધા માણસોને હમેશાં ભવિષ્યનો ભય લાગ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. તેઓ એવી ચિંતામાં ડૂબી રહે છે કે જ્યારે તેઓ કોઇ કામ નહિ કરી શકે ત્યારે પોતાનાં બાળબચ્ચાંને શું ખવડાવશે અથવા પોતાની આજીવિકા કેવી રીતે ચલાવશે ? ઉદાર માણસને આવી જાતની ચિંતાઓ સતાવતી નથી. તે તો ગરીબાઈમાં પણ સુખી રહે છે. તેને ભાવી કષ્ટનો ભય રહેતો જ નથી. અનુદાર મનુષ્યો કાલ્પનિક દુઃખોથી જેટલા દુઃખી રહે છે તેટલા વાસ્તવિક દુઃખોથી નથી થતા. સુવિખ્યાત અંગ્રેજી નાટ્યકાર શેકસપીયરનું આ કથન મનનીય છે કે–કાયર પુરુષો મરવા પહેલાં અનેક વાર મરી જાય છે અને વીર પુરુષ તો એક વાર જ મરે છે. વીર પુરૂષ કાલ્પનિક મૃત્યુનો ભોગ નથી બનતો. એવી જ રીતે ઉદાર મનુષ્યના મનમાં એવા અશુભ વિચાર નથી આવતા જે સામાન્ય લોકોને હમેશાં પીડ્યા કરતા હોય છે.

જો કોઇ માણસ ગરીબીનો અનુભવ કરતો હોય તો તેની ચિંતાથી મુક્ત થવાનો ઉપાય ધન સંચય કરવો એ જ છે. ધન–સંચયના પ્રયત્નથી ધનનો સંચય તો થઇ જાય છે, પરંતુ માણસ ધનની ચિંતાથી મુક્ત થતો નથી. એ ધનવાન થવા છતાં પણ નિર્ધન બની રહે છે. જ્યારે પૈસા ભેગા થાય છે ત્યારે તેનાં મનમાં અનેક પ્રકારના અકારણ ભય ઉપસ્થિત થવા લાગે છે. એને ભય લાગે છે કે તેના સંબંધી, મિત્રો કે પાડોશી પોતાનું દ્રવ્ય ઉપાડી જશે અને પોતાનાં બાલબચ્ચાં પોતાનાં મૃત્યુ પછી ભૂખે મરશે. તે પોતાનાં અનેક કલ્પિત શત્રુ ઉત્પન્ન કરે જેનાથી રક્ષણ કરવા માટે અનેક ઉપાયો વિચારે છે. ધનસંચયમાં વધારે પડતા લાગી જવાથી તેનું સ્વાસ્થ્ય બગડે છે. તેના સંતાનોને સારા પ્રકારનું શિક્ષણ નથી મળતું અને પરિણામે તેઓ આળસુ અને ચારિત્રહીન થઇ જાય છે. એ રીતે તેના ધનસંચયના પ્રયાસથી એક બાજુ તેનું મૃત્યુ નજીક આવે છે અને બીજી બાજુ ધનના વિનાશના કારણો પણ ઉપસ્થિત થઇ જાય છે. આમ ધનસંચયનો પ્રયત્ન છેવટે સફળ ન થતાં વિફળ થઇ જાય છે.

જે વ્યક્તિ ગરીબીનો અનુભવ કરે છે તેને માટે પોતાની ગરીબાઈની માનસિક સ્થિતિના વિનાશનો ઉપાય પોતાથી વધારે ગરીબ લોકોની સ્થિતિનો વિચાર કરવો તથા તેમના પ્રત્યે કરુણાભાવનો અભ્યાસ કરવો એ જ છે. પોતાથી વધારે ગરીબ લોકોની ધનથી સેવા કરવાથી પોતાની ગરીબીનો ભાવ નષ્ટ થઇ જાય છે અને મનુષ્ય પોતાની જાતને ભાગ્યશાળી માનવા લાગે છે. તેનામાં આત્મવિશ્વાસ વધી જાય છે. એ આત્મવિશ્વાસને લઇને તેની માનસિક શક્તિ પણ વધી જાય છે. મનુષ્યના સંકલ્પની સફળતા તેની માનસિક શક્તિ ઉપર નિર્ભર રહેલી છે. એટલા માટે જે મનુષ્ય ઉદાર વિચાર રાખે છે તેના સંકલ્પ સફળ થાય છે, તેનું મન પ્રસન્ન રહે છે, તે સઘળા પ્રકારની પરિસ્થિતિમાં શાંત રહે છે, તેનું સ્વાસ્થ્ય પણ સારું રહે છે અને તે જે કાંઇ કામ હાથમાં લે છે તે પૂરૂં કરવાને સમર્થ બને છે. તેનું અકારણ મૃત્યુ પણ નથી થતું. દીર્ઘજીવી થવાથી તેનાં સંતાન બીજાના આશ્રિત નથી બનતા.

જે મનુષ્યના વિચાર ઉદાર હોય છે અને જે હમેશાં પોતાની જાતને બીજાની સેવામાં જોડી રાખે છે તેની આસપાસના લોકોના વિચાર પણ ઉદાર થઇ જાય છે. સ્વાર્થી મનુષ્યના સંતાન નિષ્કામ જ નહિ પરંતુ ક્રૂર પણ હોય છે. એવા સંતાન માતપિતાને જ દુઃખ આપે છે. એથી ઊલટું ઉદાર મનુષ્યના સંતાન હમેશાં માતાપિતાને પ્રસન્ન રાખવાનું કામ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરે છે. જ્યારે ઉદારતાના વિચારો મનુષ્યના સ્વભાવનું અંગ બની જાય છે અર્થાત્ તે તેના ચેતન મનને જ નહિ પણ અચેતન મનને પણ પ્રભાવિત કરી દે છે ત્યારે તેનો પ્રભાવ નાનાં બાળકો તેમજ બીજા સંબંધીયો ઉપર પણ પડે છે. એ રીતે આપણે આપણી આસપાસ ઉદારતાનું વાતાવરણ સર્જીએ છીએ અને એનાથી આપણાં મનમાં અદ્ભુત માનસિક શક્તિનો વિકાસ થાય છે.

વિદ્યાના સંબંધમાં એમ કહેવામાં આવે છે કે તે જેટલી વધારે બીજાને આપવામાં આવે છે તેટલી વધારે વધે છે. કોઇ વસ્તુ આપવાથી વધે છે એ માત્ર વિદ્યાના સંબંધમાં જ સાચું છે એમ નહિ પણ ધન તથા સન્માનના સંબંધમાં પણ સાચું છે. મહારાજા યુધિષ્ઠિરે રાજસૂય યજ્ઞમાં દાન આપવાનું કામ દુર્યોધનને સોંપ્યું હતું, અને શ્રીકૃષ્ણે પોતે લોકોનું સ્વાગત કરવાનું સ્વીકાર્યું હતું. એમ કહેવાય છે કે દુર્યોધનને દાન આપવાનું કામ એટલા માટે સોંપવામાં આવ્યું હતું કે જેથી કરીને તે સૌને પોતાની મરજીમાં આવે એટલું આપે, પરંતુ જેટલું ધન તેને હાથે બીજાને આપવામાં આવતું હતું તેનાથી ચારગણું ધન યુધિષ્ઠિરના ખજાનામાં આવી જતું હતું. શ્રીકૃષ્ણ બધા અતિથિઓનું સ્વાગત કરતી વખતે તેઓના ચરણ ધોતા હતા. એના પરિણામે તેમણે પોતાનું સન્માન ખોયું નહિ, પણ ઊલ્ટું વધાર્યું હતું. જ્યારે રાજસભા થઈ ત્યારે એક શિશુપાલ સિવાય બધા રાજાઓએ શ્રીકૃષ્ણને જ સર્વોચ્ચ આસન લેવાનો આગ્રહ કર્યો હતો. જે માણસ પોતાનાં દ્રવ્યને જેટલું બીજાના હિતાર્થે વાપરે છે, તે તેટલું જ વધારે મેળવે છે, અને જે માણસ પોતાના માન અપમાનની પરવા નથી કરતો તે જ સંસારમાં સૌથી વધારે સન્માન પામે છે.

સ્વાર્થભાવ મનની અંદર ક્ષોભ ઉત્પન્ન કરે છે અને ઉદારતાનો ભાવ શીલ ઉત્પન્ન કરે છે. જો આપણે આપણા જીવનની સફલતાને આંતરિક માનસિક અનુભવોથી માપીયે તો આપણે ઉદાર મનુષ્યના જીવનને જ સફળ માનશું. મનુષ્યની ખરી સંપત્તિ ધન, રૂપ અથવા આબરૂ નથી, તે સઘળાં નશ્વર છે. તેની ખરી સંપત્તિ તેના વિચાર જ છે. જે માણસનાં મનમાં જેટલી વધારે શાંતિ, સંતોષ અને સામ્યભાવ ઉત્પન્ન કરનાર વિચાર આવતા હોય છે તે તેટલો વધારે ધનવાન છે. ઉદાર વિચાર મનુષ્યની એવી સંપત્તિ છે કે જે તેને આપત્તિના વખત મદદરૂપ થઇ પડે છે. પોતાના ઉદાર વિચારો લઈને તેને આપત્તિકાળ-આપત્તિના રૂપમાં આવતો જ નથી, તેને તો બધી પરિસ્થિતિને પોતાને અનુકૂળ જ લાગે છે.

ઉદાર મનુષ્યમાં મનમાં સારા વિચારો એની મેળે જ ઉત્પન્ન થાય છે. એ સારા વિચારોને લઇને સર્વ પ્રકારની નિરાશાઓ નષ્ટ થઇ જાય છે અને ઉદાર મનુષ્ય હમેશાં ઉત્સાહપૂર્ણ રહે છે. ઉદાર મનુષ્ય આશાવાદી હોય છે. નિરાશાવાદ અનુદારતાનો જે રીતે સહયોગ છે તેવી તે રીતે ઉદારતાનો સહયોગ આશાવાદ અને ઉત્સાહની સાથે છે. જ્યારે મનુષ્યને પોતાની અંદર કોઇ જાતની નિરાશા વધતી જણાય ત્યારે તેણે સમજી લેવું જોઈએ કે કોઇક સ્થળે તેના વિચારોમાં ઉદારતા ઓછી હોવી જોઈએ. એટલા માટે તેના પ્રતિકારરૂપે તેણે ઉદાર વિચારોનો અભ્યાસ કરવો જોઇએ. પોતાની નજીક રહેનારા માણસોની સાથે જ તેની શરૂઆત કરવી જોઇએ. તેનાથી તેને જણાશે કે થોડા જ વખતમાં તેની આસપાસ જુદા જ પ્રકારનું વાતાવરણ ઉત્પન્ન થઈ ગયું છે. તેના મનમાં ફરીવાર આશાવાદી વિચારો આવવા લાગશે. અને જેમ જેમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

મહાન યોગેશ્વર શ્રી આનંદઘનજીકૃત

# શ્રી પાર્શ્વનાથ પ્રભુનું સ્તવન.

સં—ડોક્ટર વલ્લભદાસ નેણસીભાઇ-મોરબી.

( ગતાંક પૃષ્ઠ ૨૧૭ થી ચાલુ. )

ગાથા ૪.

**નિજ સ્વભાવ સ્થિર કર ધરે,**
**ન કરે પુદ્ગલની ખંચ રે;**
**સાખી હુઇ વરતે સદા,**
**ન કદા પરભાવપ્રપંચ રે. (૪) પ્રણમું૦**

**ભાવાર્થ**—ભમરો કમળનો રસ ચૂસતાં પ્રથમ સ્થિર થઇને બેસે છે. કમળને ખેંચતો નથી, આંચકો મારતો નથી અને પીડા ઉપજાવતો નથી. ( જિમ તરુ ફૂલે ભમરો બેસે, પીડા ન તાસ ઉપજાવે ) જાણે તટસ્થપણે સાક્ષી થઇને બેસે છે. અને બીજી લપનછપનરૂપ પંચાત કરતો નથી, પરભાવ પ્રપંચ કરતો નથી. આવી સહજ નિશ્ચલ દશા-અવસ્થા તે કળાકુશળતાથી સહજપને-નિઃપ્રયાસપણે સાધી કમળનું રસપાન કરે છે.

અધ્યાત્મ દૃષ્ટિએ ઘટાવતાં—આ મારો મન-મધુકર પ્રભુના ચરણકમળમાંથી નિષ્પન્ન થતા પરમ મધુર શાંત રસનું પાન કરવા ઇચ્છતો સતો પ્રથમ તો પોતાનું ચિર અભ્યસ્ત ચંચલપણું છોડી દઇ નિજ સ્વભાવમાં સ્થિર થઇને બેસે છે. ( આમ મનનો વિજય થાય છે. મન સધાય છે. મન સાધ્યું તેણે

---

તેનો ઉદારતાનો અભ્યાસ વધતો જશે તેમ તેમ તેનો ઉત્સાહ પણ વધતો જશે. આ ઉપરથી એટલું પ્રમાણિત થાય છે કે-મનુષ્ય ઉદારતાથી કશું ખોતો નથી, પણ કંઇને કંઇ મેળવે જ છે.

કેટલાય માણસો એમ કહ્યા કરે છે કે-બીજા લોકો અમારી ઉદારતાનો લાભ ઉઠાવે છે. વાસ્તવિક રીતે એ ઉદારતા જ નથી કે જેને લીધે પાછળ પસ્તાવું પડે. સ્વાર્થવશ દેખાડેલી ઉદારતાની પાછળ એવા પ્રકારનો પશ્ચાત્તાપ હોય છે. ખરા હૃદયથી દેખાડેલી ઉદારતા કદિ પણ પશ્ચાત્તાપનું કારણ બનતું નથી; તેનું પરિણામ હમેશાં સારૂં જ આવે છે. કદાચ કોઇ માણસ આપણા ઉદાર સ્વભાવનો લાભ ઉઠાવીને આપણને ઠગી જાય તો તેનાથી આપણું આધ્યાત્મિક પતન નથી થતું, ઉલટો લાભ જ થાય છે. એ આધ્યાત્મિક લાભ થોડા વખતમાં જ ભૌતિક સફળતાનું રૂપ ધારણ કરી લે છે. મનુષ્યનું સાંસારિક દીવાળું તેના આધ્યાત્મિક દીવાળાનું જ પરિણામ છે. એટલા માટે પોતાને ઠગાઈ જવાનો ભય નકામો તેમજ મૂર્ખાઇભરેલો છે. જે રીતે બે ને બે ચાર જ થાય છે, ત્રણ થતા જ નથી, એ રીતે કોઇ પણ સદ્ભાવનાથી પ્રેરાયલાં કાર્યનું પરિણામ સારૂં જ આવે છે. કદિ પણ ખરાબ આવતું જ નથી. કોઇ પણ કાર્યનાં બે જાતનાં પરિણામ આવે છે. એક બાહ્ય અને બીજું આંતરિક. પોતાનાં કાર્યનું મૂલ્ય બાહ્ય પરિણામથી થાકવું એ એક પ્રકારની નાદાની છે. સારા કામનું પરિણામ કોઇ વાર અનુકૂળ હોય છે, તો કોઇ વાર પ્રતિકૂળ પણ હોય છે; પરંતુ તેનું આંતરિક પરિણામ હમેશાં સારૂં જ હોય છે. સારા હેતુથી કરવામાં આવેલું કાર્ય મનમાં ભલાઇ જ ઉત્પન્ન કરે છે અને આપણા મનને સારૂં બનાવવું, આપણા વિચારો સુધારવા એ જ પરમ પુરૂષાર્થ છે. **इति शम्।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સઘળું સાધ્યું.) ભગવાનના ચરણકમળની ઉપાસનામાં આ પ્રથમ પગથિયું છે—

એટલે પછી મનો–મધુકર પુદ્ગલની ખેંચ–ખેંચાણ કરતો નથી. પુદ્ગલ પ્રત્યે આકર્ષાતો નથી. પુદ્ગલનું આકર્ષણ બંધ થાય છે, કારણ કે ઇંદ્રિયો જ્યાંસુધી સ્વચ્છંદે છૂટી ફરતી હતી ત્યાંસુધી હરાયા ઢોરની પેઠે પુદ્ગલ માટે જ્યાં ત્યાં ઝાવાં નાંખતી હતી પણ હવે તો તે મન સારથીની લગામમાં આવી ગઇ છે અને મનોનિગ્રહ તો પ્રથમ જ થઇ ચૂકયો છે. આમ ઇંદ્રિયવિજય પણ થાય છે. એટલે ઇંદ્રિયોરૂપ ઘોડો કૂદાકૂદ કરીને કમળ જેવા કોમળ ચરણકમળને પીડા ઉપજાવતા નથી, કિલામણા કરતા નથી.

આમ મનોનિગ્રહ અને ઇંદ્રિયજય કર્યા પછી નિરાકુલ થયેલ મન–મધુકર શાંત થઇને તટસ્થપણે સાક્ષીભાવે દૃષ્ટા થઇને બેસે છે–રાગદ્વેષાદિ પરભાવનું કર્તા–ભોક્તાપણું છોડી દઇ, દૃષ્ટાપણે બધું જોયા કરે છે. પરભાવના પ્રપંચમાં પડતો નથી, પારકી પંચાત છોડી દે છે. આ પ્રમાણે તે ચરણકમળની ઉપાસનાની અત્યંત નિકટમાં આવે છે. ભ્રમર પણ કમળની ઉપાસના કરે છે, રસપાનને અનુકૂળ એવો શીઘ્ર સંસર્ગ થાય એમ અત્યંત નિકટમાં આવીને બેસે છે, તેમ મનમધુકર પણ પ્રભુના ચરણ–કમળનો આત્મસ્વરૂપાનુચરણનો શીઘ્ર સંસર્ગ–અનુભવ થાય એવી ઉપાસના કરે છે ને તેની અત્યંત સમીપમાં આવીને બેસે છે.

**ગાથા ૫.**

**સહજ દશા નિશ્ચય જગે,**
**ઉત્તમ અનુપમ રસ રંગ રે;**
**રાચે નહીં પરભાવસું,**
**નિજભાવશું રંગ અભંગ રે.(૫) પ્રણમું૦**

**ગાથા ૬.**

**નિજ ગુણ સબ નિજમાં લખે,**
**ન ચખે પરગુણની રેખ રે;**
**ક્ષીર-નીર-વિવરો કરે,**
**એ અનુભવ હંસ સુખ રે. (૬) પ્રણમું૦**

**ગાથા ૭.**

**નિર્વિકલ્પ ધ્યેય અનુભવે,**
**એ અનુભવની પ્રીત રે;**
**ઓર ન કબહુ લખી શકે,**
**આનંદઘન પ્રીત પ્રતીત રે. (૭) પ્રણમું૦**

સ્તવનની ગાથા ૪થી ૭ સુધીમાં ગર્ભિતપણે અષ્ટાંગ યોગની સાધના ખૂબીથી મૂકી દીધી છે એમ જણાય છે.

નિજ સ્વાભાવ એ શબ્દથી યમ–નિયમનું સૂચન કર્યું છે, કારણ કે નિજ સ્વભાવમાં આત્માનું સંયમન–નિયમન કરવું તે જ યમ–નિયમ છે. ( ૩ ) સ્થિર કર–એ ઉપરથી આસન બતાવ્યું છે. આસન એટલે સ્થિર થઇને બેસવું તે, આત્મસ્વભાવમાં સ્થિર થવું, આત્મામાં બેઠક કરવી તે આસન છે. ( ૪ ) ધરે, એ ઉપરથી પ્રાણાયામ સૂચવ્યો છે કારણ કે બાહ્ય ભાવનું રેચન કરી, અંતરભાવનું પૂરણ કરી તેનું કુંભન કરવું, સ્થિર ધારી રાખવું-ટકાવી રાખવું તે પ્રાણાયામ છે. ( ૫ ) ન કરે પુદ્ગલની ખંચ રે, એ ઉપરથી પ્રત્યાહાર કહ્યો-વિષયોમાંથી ઇંદ્રિયો જ પ્રત્યાહત કરી લેવી. પાછી ખેંચવી તે પ્રત્યાહાર છે. ( ૬ ) સાખી હુઇ વરતે સદા–ન કદી પરભાવ પ્રપંચ રે–એ ઉપરથી ધારણા–અડગ–એક નિશ્ચય–અવધારણા બતાવી. ( ૭ ) સહજ દશા નિશ્ચય જગે, ઉત્તમ અનુભવ રસરંગ રે–ઇત્યાદિ ઉપરથી અનુભવરસના પાનરૂપ ધ્યાનદશા વર્ણવી છે ( ૮ ) નિર્વિકલ્પ ધ્યેય અનુસરે, અનુભવે અનુભવની પ્રીત રે–આ ઉપરથી સમાધિ સૂચવી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

તા. ૩૦–૬–૪૮ ના રોજ સંઘપતિ નગરશેઠ વિમળભાઇ મયાભાઇના પ્રમુખપણા નીચે અમદાવાદ શહેરમાં શ્રી સંઘ મળતાં ત્રણ ઠરાવો થયા હતા.

૧ "હિંદુ તેમજ ધાર્મિક તથા સામાજિક કે સખાવતી ટ્રસ્ટો અને ફંડોના વહીવટ અંગે તપાસ કરવા અને યોગ્ય ભલામણો કરવા માનનીય ન્યાયમૂર્તિ શ્રી ટેન્ડુલકરના અધ્યક્ષપદે મુંબઇ સરકારે જે કમિટી નીમી છે તે કમીટી તેમની પાસે પડેલી શેઠ કસ્તુરભાઈની જુબાની ઉપર પૂરતો વિચાર કરી ધાર્મિક ટ્રસ્ટો કે સખાવતી ફંડોનો ઉપયોગ જે નિમિત્તે સખાવતો કરવામાં આવી હોય તેની મર્યાદા બહાર ધાર્મિક અને નૈતિક રીતિએ ન થઇ શકતો હોવાથી તેમાં સરકારી દરમીયાનગીરી કરવાની ભલામણ કરશે નહિ એવી અમદાવાદના જૈનોના સકળ સંઘની મળેલી આ સભા આશા રાખે છે અને ના. મુંબઇ સરકારને પણ પ્રજાની ધાર્મિક સ્વતંત્રતા અબાધિત રાખવા અને તેમાં હસ્તક્ષેપ નહિ કરવા આ સભા આગ્રહપૂર્વક વિનંતિ કરે છે."

૨ "જૈનો અને હિંદુઓના કેટલાક સામાજિક રીતરિવાજોમાં સમાનતા હોવાથી ધાર્મિક હક્કો અને સંરક્ષણના પ્રશ્નોની વિચારણાના પ્રસંગે પણ અમો જૈનોને હિંદુઓના ભેગા ગણી લેવામાં આવે છે. અમો જૈનો અને હિંદુઓના ધાર્મિક સિદ્ધાંતો અને માન્યતાઓમાં ઘણું અંતર છે. આ સ્થિતિમાં અમોને હિંદુઓના ભેગા ગણવાથી જૈન સંસ્કૃતિ અને હક્કોને ઘણું નુકશાન થયું છે, જેથી અમદાવાદના જૈનોના સકળ સંઘની આ સભા ધાર્મિક અને તેવા પ્રકારની બાબતોમાં જૈનોને હિંદુઓના ભેગા ન ગણવા ના. સરકાર સમક્ષ નમ્રતાપૂર્વક માંગણી કરે છે."

૩ "અગ્રગણ્ય જૈન આગેવાન અને શ્રીમાન્ શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇએ શ્રી ટેન્ડુલકર કમીટી સમક્ષ પોતાની જુબાનીમાં પવિત્ર દેવદ્રવ્યના રક્ષણ માટે તથા વહીવટ વીગેરે બાબતોમાં જૈન સિદ્ધાંત અનુસાર જે દ્રષ્ટિબિંદુઓ સ્પષ્ટ રીતીએ રજૂ કર્યાં છે તેને શ્રી સંઘની આ સભા અનુમોદન આપવા સાથે અન્ય સ્થળોના શ્રી સંઘોને શેઠશ્રી કસ્તુરભાઇની જુબાનીને અનુમોદન આપવા ભલામણ કરે છે, અને શેઠશ્રી કસ્તુરભાઇને હાર્દિક અભિનંદન આપે છે. તદઉપરાંત કમીટી સમક્ષ જુબાનીમાં બીજા જે જે ગૃહસ્થોએ જૈન સિદ્ધાંત અનુસાર જે જે વિચારો દર્શાવ્યા છે તે માટે તેઓને અભિનંદન આપે છે."

## ઠરાવ.

### શેઠશ્રી કસ્તુરભાઇ લાલભાઇને અભિનંદન.

તા. ૩–૭–૪૮ શનિવારે સાંજનાં પાંચ વાગે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરની કાર્યવાહક કમિટીની

---

આમ ઉપર મુજબ નિજસ્વભાવની સ્થિરતા, પુદ્ગલ પ્રત્યે અનાકર્ષણ, સાક્ષીભાવે સદાવર્તન, પરભાવપ્રપંચ ત્યાગ, સહજ દશાની નિશ્ચય જાગૃતિ, ઉત્તમ અનુભવ રસરંગ, પરભાવમાં અનાસક્તિ, નિજ ભાવમાં અભંગ રંગ, સર્વ નિજ ગુણનું નિજ આત્મામાં લખવું, પરગુણ રેખનો પણ અનાસ્વાદ, ક્ષીર–નીર વિવેક કરનાર હંસ જેવો અનુભવ, નિર્વિકલ્પ ધ્યેય અનુભવ, તેની પરમ પ્રીતિ અને તેની અવાચ્યતા–એ વિગેરે ભાવો યથામતિ ઘટાવવા.

આમ જુદીજુદી રીતે અર્થ ઘટાવી શકાય છે. સ્તવન ઘણું અર્થગંભીર છે. એટલે અનેકાનેક અર્થ તેના વિચારી શકાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સભા શેઠ ગુલાબચંદ આણંદજીનાં પ્રમુખપદે મલી હતી જેમાં નીચેનો ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

"શ્રી ટેન્ડુલકર કમિટી સમક્ષ જે જુબાનીઓ રજુ થઇ તેમાં શેઠશ્રી આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રમુખ સાહેબ અને જાણીતા જૈન કોમનાં આગેવાન શેઠ કસ્તુરભાઇ લાલભાઇએ જૈન સિદ્ધાંતાનુસાર દેવદ્રવ્યની બાબતમાં પોતાની જુબાનીમાં જે દ્દષ્ટિબિંદુઓ રજુ કર્યાં છે તેને શ્રી જૈન આત્માનંદ સભા (ભાવનગર) અનુમોદન આપે છે અને તેઓશ્રીની જુબાની પરથી તેમનામાં રહેલ ધર્મ અને સમાજ પરત્વેની અનુપમ ઊંડી ભાવના તરી આવે છે એટલું જ નહિં પણ સમાજને તે માર્ગદર્શક છે તે માટે આ સભા તેઓશ્રીને હાર્દિક અભિનંદન આપે છે. ઉપરાંત જે જે ગૃહસ્થોએ પોતાની જુબાનીમાં જૈન સિદ્ધાંતોનાં પ્રતિપાદન માટે પોતાનાં વિચારો રજૂ કર્યાં છે તેઓને પણ આ સભા હાર્દિક અભિનંદન આપે છે."

## સંવત્સરી નિર્ણય

આજરોજ શ્રી વિજયલલિતસૂરિ મહારાજના અધ્યક્ષસ્થાને ભાવનગર શ્વેતાંબર મૂર્તિપુજક શ્રી તપગચ્છ જૈન સંઘ મળ્યો હતો. જે વખતે શ્રીમાન આચાર્ય મહારાજ શ્રી વિજયનેમિસૂરિશ્વરજી તથા શ્રીમાન વિજયવલ્લભસૂરિશ્વરજી મહારાજના પત્રો તે વખતે વાંચવામાં આવ્યા હતા અને બંને પૂજ્ય આચાર્ય મહારાજની આજ્ઞા મુજબ આ વર્ષ ભાદરવા શુદિ ૪ મંગળવારે સંવત્સરી કરવાનો જ સર્વાનુમતે ઠરાવ થયો હતો.

## મરણ નોંધ.

**દુઃખદ અવસાનઃ—**શ્રી રા. રા. વકીલ ન્યાલચંદ લક્ષ્મીચંદ મુંબઇમાં જેઠ સુદ ૧૫ ના રોજ ત્રણ માસની બિમારી ભોગવી સ્વર્ગસ્થ થયા છે. તેઓ મૂળ રહેવાસી લખતર પાસે પેઢડાના હતા. છેલ્લા સત્તર વર્ષથી કડીમાં વકીલાતનો ધંધો કરતા હતા. એક પ્રખર ધારાશાસ્ત્રી તરીકેની આખા મહેસાણા પ્રાંતમાં તેમની કીર્તિ હતી. સેવા અને ધર્મના સંસ્કારો પ્રથમથી પ્રાપ્ત કર્યા હતા. કડીમાં એકસો વિદ્યાર્થીઓ રહી શકે તેવું મોટું છાત્રાલય અથાગ પરિશ્રમ વેઠી પાંચ વર્ષ પહેલાં સ્થાપન કર્યું છે. તેમની સેવાઓ નિઃસ્વાર્થ હોવાથી અતિ લોકપ્રિય હતા. કડી મ્યુનિસીપાલીટીના પ્રજા તરફથી ઉપાધ્યક્ષ હતા. કડીની નાની મોટી દરેક સંસ્થાઓના કાર્યમાં તેઓ અપૂર્વ રસ લેતાં. તેમનું અવસાન ૪૨ વર્ષની ઉમરે થવાથી આ સભાએ સેવાભાવી, કાર્યદક્ષ અને અતિ પ્રમાણિક નીડર લાઇફ મેમ્બર ગુમાવેલ છે. તેમની ખોટ જલદી ન પૂરી શકાય તેવી છે. શાસનદેવ તેમના આત્માને શાંતિ આપો.

## શ્રી ભીખાભાઇ હેમચંદનો સ્વર્ગવાસ

ભાઇ ભીખાભાઇ શુમારે ૫૧ વર્ષની ઉમ્મરે થોડા દિવસની બિમારી ભોગવી પંચત્વ પામ્યા છે. તેઓ શેઠ મંગલચંદ ખેમચંદ કે જેમની શુમારે સવાસો વર્ષથી પેઢી ભાવનગરમાં ચાલતી હતી. તેઓ રેશમી કાપડના ખાસ વેપારી હતા. તેમના ભીખાભાઇ પૌત્ર હતા. મુળવતની પાટણના હતા. ધર્મ શ્રદ્ધાળુ જૈન હોવાથી દેવ, ગુરૂ, ધર્મની યથાશક્તિ આરાધના કરતા હતા. ભીખાભાઇ માયાળુ, મિલનસાર, સરલ અને સાદા હતા. આ શહેરમાં કાપડના પ્રતિષ્ઠિત વ્યાપારી તરીકે તેમની ગણના હતી. આ સભાના ઘણા વર્ષોથી તેઓ સભાસદ હતા. તેમના સ્વર્ગવાસથી એક ધર્મી સભાસદની ખોટ પડી છે. તેમના પવિત્ર આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

## પુસ્તક ૪૫ મું

અંક ૧ થી ૧૨ : : સને ૧૯૪૭-૪૮

સંવત ૨૦૦૪




: પ્રકાશક :

શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ

( પુસ્તક ૪૫ મું )

( સં. ૨૦૦૩ ના શ્રાવણ માસથી સં. ૨૦૦૪ ના આષાઢ માસ સુધીની )

## વાર્ષિક વિષયાનુક્રમણિકા

### ૧ પદ્ય વિભાગ


| નંબર | વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | પર્યુષણાપર્વ આરાધો | ( મુનિરાજ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૧ |
| ૨. | શ્રીમહાવીર જિણંદ સ્તવન | ( મુનિરાજ શ્રીદક્ષવિજયજી ) | ૧૮ |
| ૩. | જ્ઞાનગીતા શતક | ( અમરચંદ માવજી શાહ ) | ૨૩, ૪૧, ૯૦ |
| ૪. | સામાન્ય જિનસ્તવન | ( મુનિરાજ શ્રીદક્ષવિજયજી ) | ૨૯ |
| ૫ | ભૂલી જવું | ( અનંતરાય જાદવજી શાહ ) | ૨૯ |
| ૬. | શ્રીદિવાલીપર્વનું સ્તવન | ( મુનિરાજ શ્રીદક્ષવિજયજી ) | ૪૯ |
| ૭. | અજ્ઞાનીને ઉપદેશ | ( ગોવિંદલાલ કકલદાસ પરીખ ) | ૫૦ |
| ૮. | આધ્યાત્મિક આનંદ | ( અનંતરાય જાદવજી શાહ ) | ,, |
| ૯. | આત્મચિંતન | ( મુનિ શ્રીહેમેન્દ્રસાગરજી ) | ૬૫ |
| ૧૦. | દિપોત્સવી પર્વની ભાવના | ( મુનિ શ્રીલક્ષ્મીસાગરજી ) | ૬૫ |
| ૧૧. | વિમલગિરિરાજ-સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૬૯ |
| ૧૨. | વર્ષાભિનંદન સ્તુતિ ( આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરિજી ) | ( મુનિશ્રી વિનયવિજયજી ) | ૭૦ |
| ૧૩. | જ્ઞાન અને ક્રિયા | ( અનંતરાય જાદવજી શાહ ) | ૭૫ |
| ૧૪. | વિમલગિરિ શ્રીઆદિનાથ સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૮૯ |
| ૧૫. | તૃષ્ણા | ( અનંતરાય જાદવજી ) | ૯૫ |
| ૧૬. | મહાવીરસ્વામી સ્તવન | ( આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી ) | ૧૪૧ |
| ૧૭. | ગાંધીજીને અંજલિ | ( ગોવિંદલાલ કકલદાસ પરીખ ) | ૧૫૪ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૧૮. શ્રીમહાવીર–સ્તવન | ( મુનિશ્રી લક્ષ્મીસાગરજી ) | ૧૬૧ |
| ૧૯. ચંદનબાલાની વીરપ્રભુને વિનંતિ | ( ઝવેરી મૂલચંદ આશારામ વૈરાટી ) | ૧૯૧ |
| ૨૦. શ્રીનેમિનાથ જિન સ્તવન | ( મુનિશ્રી હેમેન્દ્રસાગરજી ) | ૨૦૫ |
| ૨૧. શ્રીમહાવીરસ્વામી સ્તવઃ | ( મુનિશ્રી રમણિકવિજયજી ) | ૨૦૬ |
| ૨૨. વિજયાનંદસૂરીશ્વરજીને પ્રણામ | ( મોહનલાલ શીહોરી ) | ૨૦૭ |
| ૨૩. શ્રીઆત્મારામજી મહારાજ જયંતિ | ( અમરચંદ માવજી શાહ ) | ૨૨૪ |
| ૨૪. શ્રીમુનિસુવ્રત જિન સ્તવન | ( શ્રી હેમેન્દ્રસાગરજી મ. ) | ૨૨૫ |


## ૨ ગદ્ય વિભાગ


| | | |
|---|---|---|
| ૧. નૂતન વર્ષનું મંગલમય વિધાન | ( શ્રી ફત્તેહચંદ ઝવેરભાઇ શાહ ) | ૨ |
| ૨. શ્રીસિદ્ધસેનસૂરિજીકૃત ( બત્રીશ–બત્રીશીઓ ) | ( આચાર્ય શ્રીવિજયપદ્મસૂરિજી ) | ૯, ૩૭, ૭૩, ૯૬ |
| ૩. માનવદેહ ઉત્તમ કેમ ? | ( આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૧૧ |
| ૪. યોગમીમાંસા | ( સં. મુનિશ્રી પુણ્યવિજયજી સં. પા. ) | ૧૭, ૫૮, ૭૬, ૧૦૧, ૧૭૭, ૨૧૧ |
| ૫. ધર્મકૌશલ્ય : ૪ ( ૩૭–૪૦ ) | ( મૌક્તિક ) | ૧૯ |
| ,, : ૨ ( ૪૧–૪૨ ) | ,, | ૪૧ |
| ,, : ૨ ( ૪૩–૪૪ ) | ,, | ૬૧ |
| ,, : ૨ ( ૪૫–૪૬ ) | ,, | ૭૯ |
| ,, : ૨ ( ૪૭–૪૮ ) | ,, | ૯૯ |
| ,, : ૨ ( ૪૯–૫૦ ) | ,, | ૧૪૮ |
| ૬. સાચી પવિત્રતા | ( આચાર્ય શ્રીવિજયકસ્તુરસૂરિજી ) | ૩૦ |
| ૭. સાધ્યની દૃષ્ટિએ સાધક નયાવતાર | ( મુનિશ્રી પુણ્યવિજયજી સં. પા ) | ૩૫ |
| ૮. યાત્રાના નવાણું દિવસ | ( શ્રીમોહનલાલ દીપચંદ ચોકસી ) | ૩૮, ૮૩ |
| ૯. આશાતના | ( આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૫૧ |
| ૧૦. ન્યાયરત્નાવલિ | ( મુનિશ્રી ધુરંધરવિજયજી ) | ૫૬, ૯૮, ૧૭૬, ૨૩૨ |
| ૧૧. વિચારશ્રેણી | ( આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૭૧, ૧૬૯, ૧૯૮, ૨૦૮ |
| ૧૨. સુવાક્યામૃત | ( સં. મુનિ પૂર્ણાનંદવિજય કુમારશ્રમણ ) | ૭૮, ૧૦૫ |
| ૧૩. સાથે શું લઇ જશો ? | ( આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૯૧ |
| ૧૪. શ્રીમાન્ યશોવિજયજી | ( ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇ મ્હેતા ) | ૧૦૨, ૧૫૫ |
| ૧૫. શ્રીદ્વાદશાર નયચક્રનો સંક્ષિપ્ત પરિચય | ( મુનિશ્રી જંબૂવિજયજી ) | ૧૧૦, ૧૬૨, ૩૮૨ |
| ૧૬. વિશેષાવશ્યક મહાભાષ્ય સ્વોપજ્ઞ ટીકાનું અસ્તિત્વ | ( મુનિરાજશ્રી પુણ્યવિજયજી મહારાજ ) | ૧૪૨ |
| ૧૭. કૃતજ્ઞ બનશો કે કૃતઘ્ન ? | ( આચાર્ય શ્રીવિજયકસ્તૂરસૂરિજી ) | ૧૫૦ |
| ૧૮. આત્મસ્વરૂપની પ્રાપ્તિ મને કોઈ વખતે ન થઇ | ( સન્માર્ગઇચ્છક ) | ૧૫૮ |
| ૧૯. શ્રીપાલ અને કુંડલપુર નગર | ( મુનિશ્રી ભુવનવિજયજી ) | ૧૭૧ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




| નંબર વિષય | લેખક | પૃષ્ઠ |
|---|---|---|
| ૨૦. પરમ કલ્યાણકારી મંગલમૂર્તિ શ્રીમહાવીર | ( મુનિરાજશ્રી ન્યાયવિજયજી ત્રિપુટી ) | ૧૭૩ |
| ૨૧. શ્રીમહાવીર પ્રભુનું સ્તવન સાર્થ | ( સં. ડૉ. વલ્લભદાસ નેણુશીભાઈ ) | ૧૭૯, ૨૦૦ |
| ૨૨. વિષબિન્દુ | ( મુનિશ્રી ધુરંધરવિજયજી ) | ૧૯૫ |
| ૨૩. સાચું ધન | ( અનુ૦ અભ્યાસી ) | ૨૧૩ |
| ૨૪. શ્રીપાર્શ્વનાથ પ્રભુનું સ્તવન | ( અનુ૦ સં. ડૉ. વલ્લભદાસ નેણુશીભાઇ ) | ૨૧૫, ૨૩૯ |
| ૨૫. આગામી સંવત્સરી બાબત ખુલાસો | ( મુનિશ્રી સમુદ્રવિજયજી ) | ૨૧૭ |
| ૨૬. જીવતા શીખો | ( આ૦ શ્રી વિજયકસ્તુરસૂરિજી ) | ૨૨૬ |
| ૨૭. અનેકાન્તમાં સપ્તભંગની ઉત્પત્તિ | ( સન્માર્ગ ઇચ્છક ) | ૨૩૪ |
| ૨૮. ઉદારતા | ( અનુ૦ અભ્યાસી ) | ૨૩૬ |


## પ્રકીર્ણ


વર્તમાન સમાચાર, સ્વીકાર, સમાલોચના ૨૪,૪૬,૪૮,૬૮,૮૭,૧૦૬,૧૫૯,૧૬૦,૨૦૨,૨૦૩,૨૧૯,૨૪૧

આઝાદ સ્વતંત્ર હિંદ ધ્વજ ૧

સભાએ આઝાદ સ્વતંત્ર હિંદ દેશ થયાની ખુશાલીમાં કરેલ કાયમ માટેનો યશસ્વી ઠરાવ ૪૬

ગુરુદેવ આચાર્ય શ્રીવિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજનાં આનંદજનક સુખસાતાના સમાચારો ૪૭

વિશ્વશાંતિનો સંદેશ ૪૫

શ્રીવસુદેવહિંડી માટેના અભિપ્રાયો:— ૬૮, ૮૫, ૧૦૮

શુદ્ધિ પત્રક ૧૮૦, ૨૧૯


For Private And Personal Use Only